# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૬ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૨૨



૧૦૯ મો

જન્મવધાઇના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીનાં દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.

જન્મ મહોત્સવ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● વર્તમાન કાળમાં મનુષ્યોનું આયુષ્ય અલ્પ અને બુદ્ધિ અતિશય મંદ થઈ ગઈ છે તેથી તેમનામાં સમસ્ત શ્રુતના અભ્યાસની શક્તિ રહી નથી. આ કારણે તેમણે અહીં એટલા જ શ્રુતનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો જોઈએ કે જે મોક્ષનું બીજભૂત થઈને આત્માનું હિત કરનાર હોય. ૧૯૫૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૨૭)

● હે ભવ્ય જીવ ! આત્માના શુદ્ધ સ્વરૂપની ભાવના જ્ઞાન સહિત વિનયપૂર્વક હંમેશા કરો, નહિ તો મરણ આવતાં બહુ પશ્ચાત્તાપ થશે કે હું કંઈ કરી ન શક્યો. તથા મરણનો સમય નિશ્ચિત નથી તેથી આત્મજ્ઞાનની ભાવના સદાય કરવા યોગ્ય છે. ૧૯૫૧.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય)

● આ વાત વારંવાર કહેવાથી તો પુનરુક્તિ-દોષ આવશે ?-માટે તેનું શું પ્રયોજન ?-આમ વિચારીને હે ભવ્ય ! તું તત્ત્વનો અભ્યાસ છોડી ન દઈશ. વારંવાર તત્ત્વાભ્યાસની રુચિ વડે કર્મની શક્તિને તોડવાની આ એક યુક્તિ શું બસ નથી ! અર્થાત્ વારંવાર તત્ત્વના ઘોલનથી પુનરુક્તિદોષ લાગતો નથી. પરંતુ કર્મનો રસ છૂટતો જાય છે. ૧૯૫૨.

(શ્રી નેમિશ્વર વચનામૃત-શતક, શ્લોક-૩૧નો અન્ય પ્રતના આધારે બીજો અર્થ)

● હે મિત્ર ! જો તમે અહીં સૌભાગ્યની ઈચ્છા રાખતા હો, સુંદર સ્ત્રીની ઈચ્છા રાખતા હો, પુત્રોની ઈચ્છા રાખનાર હો, લક્ષ્મીની ઈચ્છા રાખતા હો, મહેલની ઈચ્છા કરતા હો, સુખની ઈચ્છા કરતા હો, સુંદર રૂપની ઈચ્છા કરતા હો, પ્રીતિની ઈચ્છા કરતા હો અથવા જો અનંત સુખરૂપ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમ સ્થાન (મોક્ષ)ની ઈચ્છા રાખતા હો તો નિશ્ચયથી સમસ્ત દુઃખદાયક આપત્તિઓનો નાશ કરનાર ધર્મમાં તમારી બુદ્ધિ જોડો. ૧૯૫૩.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૮૬)

● જે મનુષ્યો ઉત્તમગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીન શાસ્ત્ર વાંચતા નથી તેમને બુદ્ધિમાન મનુષ્ય બંને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે. ૧૯૫૫.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઉપાસક સંસ્કાર, શ્લોક-૨૦)

વર્ષ–૧૬
અંક–૧૨




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૮

August
A.D. 2022



**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૯મી જન્મ-જયંતી પ્રસંગે**

**તેમના શ્રીમુખેથી વિવિધ પ્રસંગે વહેલા**

## તત્ત્વબોધક વચનામૃત

### * સાચી મુમુક્ષુતા *

''માત્ર મોક્ષ અભિલાષ''–એક આત્માની જેને અભિલાષા છે, બીજી કોઈ અભિલાષા નથી; દરેક કાર્ય અને દરેક પ્રસંગની અંદર મારે એક આત્મા જ જોઈએ છે—એમ એક આત્મા જ જેને ધ્યેય છે અને જે કોઈ સંકલ્પ-વિકલ્પરૂપ વિભાવો થાય તેમાં તન્મયતા નથી પણ માત્ર આત્માની અભિલાષા જેને મુખ્યપણે વર્તે છે, તેને સાચી મુમુક્ષુતા છે. જેને માત્ર આત્માની જ અભિલાષા છે કે મને આત્મા કેમ પ્રાપ્ત થાય? મને સ્વાનુભૂતિ કેમ પ્રાપ્ત થાય? ને જેને બહારના કોઈ પદાર્થોની ઈચ્છા કે અભિલાષા નથી તે બહારનાં બધાં કાર્યોમાં જોડાય, છતાં બધું ગૌણ હોય છે. તેને ધ્યેય માત્ર એક આત્માનું છે કે એક આત્મા કેમ પ્રાપ્ત થાય? જોકે દેવ–શાસ્ત્ર–ગુરુની મહિમા વગેરે બધું તેને હોય છે પણ આત્મા વગર તેને ક્યાંય ચેન પડતું નથી. ગુરુદેવ કહેતા હતા કે તું તારા આત્માને જો, તું આત્માનું જ્ઞાન કર, આ બધું તારાથી જુદું છે–આમ પોતે અંદર જિજ્ઞાસાથી આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરે, તે સાચી મુમુક્ષુતા છે. ૧.

### * લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે *

પાત્ર શિષ્ય હોય તેને અંતરથી આત્માની જ લગની લાગી હોય કે મારે એક ચૈતન્ય જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. તેને દરેક કાર્યમાં આત્માનું જ પ્રયોજન હોય છે, બીજું બધું પ્રયોજન તેને ગૌણ થાય છે. આત્માને એકને મુખ્ય રાખીને તેનાં દરેક કાર્યો હોય છે. શુભભાવનાં કાર્યોમાં પણ તેને એક આત્માનું પ્રયોજન હોય છે, બીજું બહારનું કોઈ

પ્રયોજન તેને હોતું નથી. શુભભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રભાવના કેમ થાય તેવા ભાવ આવે છે અને આત્માનું પ્રયોજન સાથે હોય છે, બીજું કોઈ પ્રયોજન હોતું નથી—લૌકિક પ્રયોજનથી અત્યંત ન્યારો હોય છે. તેને તો એક આત્માની જ લગની લાગી છે; લૌકિકનું, બહારનું કે મોટાઈનું કોઈ પ્રયોજન હોતું નથી. મારા આત્માને કેમ લાભ થાય તે એક જ પ્રયોજન આત્માર્થીને હોય છે. શ્રી જિનેન્દ્રદેવ, જેમણે સાધના પ્રગટ કરી છે એવા ઉપકારી ગુરુ અને શાસ્ત્ર તેની કેમ પ્રભાવના થાય તેવી તેને પ્રીતિ હોય છે. જેમણે આત્માનો માર્ગ બતાવ્યો, તે માર્ગની પ્રાપ્તિ માટે માર્ગદર્શન આપ્યું અને જેનો પરમ ઉપકાર છે તેમની કેમ પ્રભાવના થાય તેવો હેતુ પાત્ર શિષ્યને હોય છે, બીજો કોઈ અન્ય હેતુ તેનો હોતો નથી. આ પાત્ર જીવનું લક્ષણ છે. ૨.

*** ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી ***

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?– એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે–સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે–એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે. ૩.

*** ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે ***

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય, છતાં જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો, જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે. પરંતુ જો ઊંડા સંસ્કાર ન હોય તો તે ભૂંસાઈ જાય છે. ઊંડા સંસ્કાર અને તીવ્ર ભાવના હોય કે મારે આત્મા જ જોઈએ છે તો જીવ ગમે ત્યાં જાય તોપણ પુરુષાર્થ પ્રગટ કરવાનો અવકાશ રહે છે. ૪.

## * તત્ત્વના ઊંડા વિચારો કરવા *

સૂક્ષ્મ ઉપયોગની ભૂમિકાએ પહોંચવા માટે તત્ત્વના ઊંડા વિચારો કરવા, જ્ઞાયકની લગની લગાવવી, તેનો મહિમા કરવો. બહાર ઉપયોગ જે જાય છે તે બધો સ્થૂળ છે. તેની મહિમા અને એકત્વબુદ્ધિ તોડીને હું ચૈતન્ય છું, હું મહિમાનો ભંડાર છું, બધું મારામાં છે, બહારમાં કાંઈ નથી એમ બધા વિકલ્પોની વચ્ચે હું કોણ છું તેને ઓળખવાનો પ્રયત્ન કરવો. તે માટે પોતે સૂક્ષ્મ ઉપયોગ કરે તો તેને ઓળખી શકે છે. બહાર જતો સ્થૂળ ઉપયોગ હોય તો ઓળખી ન શકે. માટે તત્ત્વના વિચારો કરવા, મહાપુરુષોએ જે માર્ગ બતાવ્યો છે તેના વાંચન-વિચારો કરવા અને પોતે અંતરમાં આત્માને ગ્રહણ કરવાનો પ્રયત્ન કરવો. ૫.

## * જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો *

જ્ઞાયકનો વારંવાર અભ્યાસ કર્યા કરવો. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તેનું ચિંતવન, તેની મહિમા, તેની લગની, સત્સંગ, શ્રવણ-મનન આદિ વારંવાર કરવાં. છાશને વલોવતાં-વલોવતાં માખણ બહાર આવે છે તેમ વારંવાર જ્ઞાયકનું મંથન કર્યા કરવું. ગુરુદેવે બતાવ્યું છે તે પ્રમાણે પુરુષાર્થ વારંવાર કરવો. હું ચૈતન્ય જુદો છું, આ વિભાવ જુદાં છે એમ ભેદજ્ઞાન માટે તૈયારી પોતાને કરવાની છે. બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુનું સાન્નિધ્ય મળે, તેમનો સત્સંગ થાય, શ્રવણ-મનન થાય તે બધું વારંવાર કર્યા કરવું. વારંવાર તેના (જ્ઞાયકના) સંસ્કાર દૃઢ કરવા. રુચિ વારંવાર તીવ્ર થાય તેમ કર્યા કરવું. ૬.

## * મર્યાદા રહિતના પરિણામ આત્માર્થીનાં હોય નહિ *

મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના—મર્યાદા તોડીને જે વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાના પરિણામ કઈ જાતના છે તે વિચારીને, તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકસાન પહોંચે તેવા મર્યાદા રહિતના પરિણામ આત્માર્થીના હોય નહિ. ૭.

## * મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ *

મૂંઝવણ યથાર્થ થાય તો તેને માર્ગ મળ્યા વગર રહે જ નહિ એવું વસ્તુનું સ્વરૂપ છે. મૂંઝાયેલો મૂંઝવણમાં ટકી જ ન શકે. આ વિકલ્પની જાળમાં ગૂંચવાયેલો— મૂંઝાયેલો

કે જેને શાંતિ નથી, અશાંતિ છે તે એક ક્ષણવાર પણ તેમાં ટકી શકતો નથી. જેને યથાર્થ મૂંઝવણ અંદરથી થાય કે આ વિકલ્પ હવે જોતા જ નથી તો તેમાં ટકી જ શકે નહિ અને પોતા તરફ તેની પરિણતિ વળ્યા વગર રહે જ નહિ—અર્થાત્ જ્ઞાયકને ઓળખ્યા વગર રહે જ નહિ, જ્ઞાયકનું શરણ લીધા વગર રહે જ નહિ. જેમ ખરેખર મૂંઝાયેલો માણસ ગમે તેનો ટેકો લેવા જાય છે, તેમ અંદરથી મૂંઝાયેલો પોતાના સ્વરૂપનો ટેકો લીધા વગર રહેતો જ નથી. તે પોતાના સ્વભાવને ગ્રહણ કરી જ લે છે. માટે યથાર્થ જે મૂંઝાયેલો હોય અને યથાર્થ જિજ્ઞાસા જાગે તો તે સ્વભાવનો ટેકો અંતરમાંથી લીધા વગર રહેતો જ નથી, સ્વભાવને ઓળખી જ લ્યે છે. ૮.

### * જ્ઞાનધારાને કોઈ તોડી શક્તું નથી *

નિર્વિકલ્પ દશા કોઈ કોઈ વખતે થાય તે જુદી વાત છે, પરંતુ સવિકલ્પ દશામાં પણ જ્ઞાતાપણાની જ્ઞાનધારા ચાલુ જ છે. અજ્ઞાન દશામાં જે સવિકલ્પ દશા હતી અને આ જે સવિકલ્પ દશા છે તે બંનેની જુદી જાત છે. ગમે તેવા પ્રસંગમાં, બહારના ઉપસર્ગ–પરીષહ આવે તો પણ, તે સદા ન્યારો રહે છે, તેની જ્ઞાતાધારાને કોઈ તોડી શકતું નથી. અનુકૂળતાના ગંજ આવે કે પ્રતિકૂળતાના ઢગલા થાય, તેની જ્ઞાનધારાને કોઈ તોડી શકતું નથી. એવો પુરુષાર્થ તેને ચાલુ જ હોય છે. ૯.

### * બહારમાં ક્યાંય ચેન ન પડે *

બહારમાં ક્યાંય ચેન ન પડે, એકત્વબુદ્ધિ વખતે પણ ચેન ન પડે તો પોતાને શોધીને પોતાનો આશ્રય ગ્રહણ કરે. તે ન થાય ત્યાં સુધી શ્રુતનું ચિંતવન કરે, દેવ-શાસ્ત્ર-ગુરુમાં ચિત્ત લગાવે. તે વિચાર કરે કે હું ચૈતન્ય છું, ચૈતન્ય છું, પણ તે ભાવનામાં એકસરખું રહી શકાતું નથી, કારણ કે તે ભાવના સહજ નથી. સહજ નથી એટલે વિચાર બીજે-બીજે જાય, શ્રુતના ને દ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતવનમાં ઊભો રહે. હું જુદો છું, હું જુદો છું, એમ એકના એક વિકલ્પમાં, વિકલ્પવાળો ઉપયોગ છે એટલે ટકી શકતો નથી. તેથી ભાવના એમ રાખે કે હું ચૈતન્ય છું, હું ચૈતન્ય છું, અને વારે-વારે અભ્યાસ પણ કર્યા કરે. ઉપયોગ એકમાં ટકી શકતો નથી તેમ જ એક ને એક વિકલ્પવાળું ચિંતવન લૂખું થઈ જાય છે, માટે શ્રુતના ચિંતવનના વિચારમાં રોકાય છે. છતાં કરવાનું તો એક જ છે–ભેદજ્ઞાન કરીને ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે એમ એક ચૈતન્યને ગ્રહણ કરવાનો છે. ૧૦.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ચૈતન્યરસથી ભરેલી અનુભૂતિનો ગંભીર મહિમા

(માગશર વદ ૬-૭, સમયસાર કળશ ૯૩-૯૪ ઉપરના પ્રવચનમાંથી)

અરે ભાઈ, તારા શુદ્ધાત્મા તરફનો વિકલ્પ પણ તને સમ્યગ્દર્શન આપે તેમ નથી, ત્યાં બહારમાં બીજું કોણ આપશે ? તારો વિજ્ઞાનઘન આત્મા ચૈતન્યરસથી ભરપૂર છે, તેનો રસિલો થઈને તેનો સ્વાદ લે... એ જ સમ્યગ્દર્શન છે. બીજી કોઈ સમ્યગ્દર્શનની રીત નથી.

શરીર કે પૈસા તો દૂર રહ્યા. તે તો આત્માનાં છે જ નહિ, તેનું કર્તાપણું પણ આત્મામાં નથી; ને અંદર 'હું શુદ્ધ જ્ઞાન છું' ઈત્યાદિ જે રાગરૂપ વિકલ્પ છે તે વિકલ્પ પણ ચૈતન્યના રસથી બહાર છે, તે વિકલ્પને જે પોતાનાં કાર્યપણે કરે છે તે જીવ ચૈતન્યસ્વરૂપથી ભ્રષ્ટ છે—અજ્ઞાની છે. તે વિકલ્પથી પણ જ્ઞાનને પાછું વાળીને, જ્ઞાનપ્રવાહને અંદર વાળીને ધર્મી જીવ પોતાને એક ચૈતન્યસ્વરૂપે જે અનુભવે છે. ધર્મી જીવો ચૈતન્યરસના જ રસિલા છે; બીજા બધાનો રસ તેને છૂટી ગયો છે, રાગનો રસ છૂટી ગયો છે. આવા ચૈતન્ય વીતરાગરસપણે આત્મા અનુભવાય છે—તે સત્ છે, તે કાંઈ કલ્પના નથી, વિકલ્પ નથી પણ એવો સાક્ષાત્ અનુભવ ધર્મીને વર્તે છે. ધર્મીને પોતાના જ્ઞાનમાં થોડોક ચૈતન્યરસ અનુભવાય અને થોડોક રાગનો રસ અનુભવાય એમ બે રસનો અનુભવ નથી, પણ એકલા એક વિજ્ઞાનઘન ચૈતન્યરસપણે જ તેને પોતાનો આત્મા અનુભવાય છે, તેમાં બીજાનો અનુભવ નથી; રાગનો અનુભવ જ્ઞાનમાં નથી, જ્ઞાનથી બહાર છે. એટલે જ્ઞાનીને એક વિજ્ઞાનરસપણે જ આત્મા અનુભવાય છે, ત્યારે અજ્ઞાનીને એકલા રાગરસપણે જ આત્મા અનુભવાય છે, રાગ વગરના ચૈતન્યરસની તેને ખબર નથી.

અહો, રાગથી ભિન્ન ચૈતન્યરસના અતીન્દ્રિયઆનંદનો સ્વાદ જ્યાં ચાખ્યો ત્યાં ધર્મીની પરિણતિ બીજે બધેથી પાછી વળીને અંતરમાં ચૈતન્યરસ તરફ જ ઢળી, ચૈતન્યરસ તરફ જ ખેંચાઈને પોતાના ચૈતન્યસ્વભાવમાં જ તે મગ્ન થઈ. અહા, ચૈતન્યરસ ચાખ્યો તે

> કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
> કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
>
> પરમાગમ શ્રી સમયસાર

રાગના આકુળરસનો સ્વાદ લેવા કેમ જાય? તે રાગને ધર્મ કેમ માને? વીતરાગ ભગવાનનો માર્ગ તો આવો છે. શુભરાગથી મળી જાય—એવો કાંઈ વીતરાગદેવનો માર્ગ નથી. બાપુ! વીતરાગના મારગડા જગતથી ને રાગથી જુદા છે, એ તો અંતરમાં સમાય છે.

અહા, આવો વીતરાગમાર્ગ બતાવનાર, આત્માનું સ્વરૂપ બતાવનાર એવા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રો પ્રત્યે મુમુક્ષુજીવને પરમ બહુમાન અને ભક્તિનો ભાવ આવે છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા તે કાંઈ મિથ્યાત્વ નથી; દેવ-ગુરુ તરફનો ભાવ તે તો શુભરાગ છે; પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મિથ્યાત્વ નથી, પણ દેવ-ગુરુ તરફના તે શુભરાગને ધર્મ માનવો કે તેને મોક્ષનું ખરું કારણ માનવું—એવી ઊંધી માન્યતા મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાનનો શુભરાગ તો ધર્મી-સમ્યગ્દષ્ટિને પણ હોય છે; પણ ધર્મી પોતાના જ્ઞાનને તે રાગથી જુદું જ અનુભવે છે, તેથી તેને મિથ્યાત્વ નથી. અજ્ઞાની શુભરાગનો કર્તા થઈને તેને જ પોતાનું કાર્ય માને છે ને તેનાથી જુદા જ્ઞાનને ભૂલી જાય છે તેથી તેને મિથ્યાત્વ છે. શુભરાગ પોતે મિથ્યાત્વ નથી, પણ રાગ અને જ્ઞાનની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે.

ભાઈ, રાગ કાંઈ તારા જ્ઞાનાદિનું કારણ થાય નહિ. રાગ કાંઈ સ્વભાવની વસ્તુ નથી, તેનું કર્તૃત્વ આત્માના જ્ઞાનસ્વભાવમાં નથી. વિકલ્પ તે અજ્ઞાનીનું કાર્ય છે, જ્ઞાનીને વિકલ્પ તે જ્ઞેયપણે છે, જ્ઞાનના કાર્યપણે નહિ. માટે કહ્યું કે વિકલ્પનો કરનાર અજ્ઞાની છે. જ્ઞાની તો જ્ઞાનસ્વભાવનો જ કરનાર છે, તે વિકલ્પનો જુદાપણે જાણનાર છે, કરનાર નથી. જ્ઞાનસ્વભાવની અનુભૂતિ વડે આવી અપૂર્વ જ્ઞાનદશા પ્રગટે છે. અને ત્યારે તે જીવ વિકલ્પોનો અકર્તા થઈને, જ્ઞાનભાવપણે મોક્ષમાર્ગમાં શોભે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૧ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

લાગતી નથી. નિમિત્તની અપેક્ષા લેતાં અધૂરીદશા કે પૂરી દશા એવા ભેદ પડે છે, પણ ધ્રુવરૂપ કારણશુદ્ધપર્યાય છે તેમાં કોઈ ભેદ પડતા નથી. આ ધ્રુવરૂપ નિરપેક્ષપર્યાય અને ત્રિકાળીદ્રવ્ય તે બંને થઈને દષ્ટિના વિષયભૂત વસ્તુની પૂર્ણતા છે. * એ જ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે અને જે બંધ-મોક્ષરૂપ ભાવો છે તે વ્યવહારનયનો વિષય છે. એ બંને, પ્રમાણનો વિષય છે. (* અહીં દષ્ટિના વિષયને સમજાવવા સામાન્ય વિશેષરૂપ બે ભેદ કહ્યા છે, ખરેખર તો તે અભેદરૂપ એક વસ્તુ જ છે.) (ક્રમશઃ) ❊

દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૦)

ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક ને ક્ષાયિક એ ચારે વિભાવસ્વભાવો છે, તે કોઈ ભાવો શુદ્ધ આત્માને નથી; તે ચારે ભાવોથી નિરપેક્ષ જે ત્રિકાળી પારિણામિકભાવ છે તે શુદ્ધાત્મા છે. અહીં ઔદયિકાદિ ચાર ભાવોનું સ્વરૂપ વર્ણવીને તેનાથી નિરપેક્ષ પંચમ પારિણામિકભાવનું સ્વરૂપ આચાર્યભગવાન ઓળખાવે છે.

આ ગાથામાં ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપના કથન દ્વારા પંચમ પારિણામિકભાવના સ્વરૂપનું કથન છે—

**णो खइयभावठाणा णो खयउवसमसहावठाणा वा।**
**ओदइयभावठाणा णो उवसमणे सहावठाणा वा॥४१॥**

**न क्षायिकभावस्थानानि न क्षायोपशमस्वभावस्थानानि वा।**
**औदयिकभावस्थानानि नोपशमस्वभावस्थानानि वा॥४१॥**

સ્થાનો ન ક્ષાયિક ભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

અર્થ :—પૂર્વે કહેલા શુદ્ધ જીવાસ્તિકાયને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષાયોપશમિકભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી અને ઔપશમિકભાવનાં સ્થાનો પણ નથી.

શાસ્ત્ર ભણેલા કહેવાતા મોટા વિદ્વાનો પણ આ ગાથા વાંચીને ભડકી ઊઠ્યા છે. ગુરુગમ વગર માત્ર શાસ્ત્રના અભ્યાસથી આ વાત સમજાય તેવી નથી. ક્ષાયિકભાવ પણ આત્માનું સ્વરૂપ નહિ ! આ શુદ્ધ દષ્ટિના વિષયનું વર્ણન છે. તે નહિ સમજનારને વેદાંત જેવું લાગે છે, પણ વેદાંત સાથે આ વાતને જરાય મેળ નથી.

એકલો પરમ પારિણામિકસ્વભાવભાવ તે આત્મા છે, તે 'ભાવ' અવિનાશી ધ્રુવ-

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

સ્વભાવરૂપ છે, તેને કોઈ કર્મના ઉદયની, ઉપશમની, ક્ષયોપશમની કે ક્ષયની અપેક્ષા નથી. એવા ત્રિકાળી નિરપેક્ષ આત્મસ્વભાવનું અહીં વર્ણન છે; તેની શ્રદ્ધા જ તે સમ્યગ્દર્શન છે.

કેવળજ્ઞાન અને સિદ્ધદશા તે ક્ષાયિકભાવ છે, તે ક્ષાયિકભાવ પણ આત્મા નથી, કેમ કે તે એક સમય પૂરતો પર્યાય છે, તે ભાવ કર્મના ક્ષયની અપેક્ષા રાખે છે; તેથી તે ક્ષાયિકભાવ જેટલો આત્માને શ્રદ્ધતાં આખો નિરપેક્ષ વસ્તુસ્વભાવ પ્રતીતિમાં આવતો નથી. તો પછી શુભ-અશુભભાવોને આત્માનું સ્વરૂપ માનવું તે તો સ્થૂળ મિથ્યાત્વ છે. સિદ્ધપણું કાંઈ આત્માની બહાર નથી, તે આત્માની જ એક દશા છે, પરંતુ અહીં એક સમયપૂરતા પર્યાયનું વર્ણન નથી, જે ત્રિકાળ એકરૂપ નિરપેક્ષ સહજસ્વભાવી આત્મતત્ત્વ છે તે અભેદદષ્ટિનો વિષય છે અને તેનું અહીં વર્ણન છે.

આત્મામાં પાંચ પ્રકારના ભાવો છે—ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક; તેમાં ઔદયિકાદિ ચાર ભાવો વિભાવસ્વભાવો છે એટલે કે વિશેષભાવો છે, તેમાં કર્મના ઉદયની, ઉપશમની, ક્ષયોપશમની કે ક્ષયની અપેક્ષા આવે છે. એ ચારે ભાવોથી પાર પાંચમો પારિણામિકભાવ છે. તે સામાન્ય છે. ત્રિકાળ અખંડ ધ્રુવરૂપ સહજસ્વાભાવિકભાવ છે, તેને કોઈ કર્મના સદ્‌ભાવની કે અભાવની અપેક્ષા નથી. આવો નિરપેક્ષ પારિણામિકભાવ તે આખા આત્માનું ત્રિકાળી સ્વરૂપ છે.

જેમ ધર્માસ્તિકાયાદિ ચાર અરૂપીતત્ત્વો નિરપેક્ષ છે, તેના પર્યાયમાં અધૂરો કે પૂરો તેમ જ અશુદ્ધ કે શુદ્ધ એવા કોઈ ભેદ નથી, તે દ્રવ્યથી, ગુણથી ને પર્યાયથી સદા એકરૂપ છે; તેમ આત્મતત્ત્વમાં પણ નિરપેક્ષ પારિણામિકસ્વભાવ છે; અધૂરા કે પૂરા સમયની અપેક્ષા રહિત, ત્રિકાળ એકરૂપ પારિણામિક વસ્તુસ્વભાવ છે; એકેક સમયે પૂરો સ્વભાવ છે તે પારિણામિકભાવ છે. ત્રણે કાળના સમયો ભેગા થઈને આખી વસ્તુ છે—એમ નથી, પણ એક જ સમયમાં આખી વસ્તુ ત્રિકાળી સામર્થ્યસહિત છે, ને બીજા સમયે પણ તે જ આખી વસ્તુ એવી ને એવી છે; આમ એક સમયમાં આખી વસ્તુ છે તેને અહીં પારિણામિકભાવ કહે છે.

આખી આત્મવસ્તુ કોને કહેવાય? અથવા કોના આશ્રયે ધર્મ થાય? તેની આ વાત છે. આત્મા એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી પરિપૂર્ણ વસ્તુ છે; વર્તમાન એક સમયપૂરતી ઉત્પાદરૂપ પ્રગટ અવસ્થામાં કર્મનો સદ્‌ભાવ કે અભાવ નિમિત્તરૂપ છે; તે નિમિત્તની અપેક્ષા છોડીને અને વર્તમાન પ્રગટ અવસ્થાનું લક્ષ છોડીને જોતાં આત્માનો જે નિરપેક્ષ સહજ-સ્વભાવ છે તે પારિણામિકભાવ છે, તે જ આખી આત્મવસ્તુ છે, તેના આધારે ધર્મ થાય છે.

**રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્‌ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

સિદ્ધદશા સંપૂર્ણ શુદ્ધ છે, પરંતુ તે આખો આત્મા નથી; કેમ કે તે તો ઉત્પાદ-વ્યયરૂપ એક પર્યાય છે, કર્મના અભાવની અપેક્ષાવાળો ભાવ છે. જે ઉત્પાદ-વ્યયરહિત, નિરપેક્ષ વસ્તુ-ગુણ અને તેનો અપ્રગટરૂપ વર્તમાન પર્યાય છે તે પારિણામિકભાવ છે. 'અપ્રગટરૂપ પર્યાય' કહેતાં તે ઉત્પાદ-વ્યયરૂપ ભાવ ન સમજવો, પણ ઉત્પાદ-વ્યયની અપેક્ષા વગરનો, ત્રિકાળ એકસરખો ધ્રુવરૂપભાવ છે, તે સમજવો.

'सकलकर्मोपाधिविनिर्मुक्तः परिणामे भवः पारिणामिकभावः' એટલે સર્વે કર્મોપાધિથી રહિત, આત્માના સહજ સ્વાભાવિક પરિણામમાં થાય છે તે પારિણામિકભાવ છે. આત્મસ્વભાવ સહજ પરિણામરૂપ છે તે પારિણામિકભાવ છે. જે ભાવોમાં કર્મની અપેક્ષા હોય તે કોઈ ભાવો આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. જેમ—ધર્માસ્તિકાયદ્રવ્ય પોતાના સ્વભાવથી સદા એકરૂપ છે, તેને કોઈ પરની અપેક્ષા નથી; તેમ—આત્મા પરની અપેક્ષા રહિત એકલા નિરપેક્ષસ્વભાવરૂપ છે, પરમ પારિણામિકભાવ છે. દરેક દ્રવ્યમાં પરની અપેક્ષા વગરનો એકરૂપ નિરપેક્ષસ્વભાવભાવ છે, તે પારિણામિકભાવ છે.

દ્રવ્યત્વ ગુણને લીધે દ્રવ્યના જે પરિણામ થાય છે તેની અહીં વાત નથી. કેમ કે દ્રવ્યત્વગુણને લીધે પરિણામ થાય છે તેમાં તો શુદ્ધ તેમ જ અશુદ્ધ બધાં પરિણામ આવે છે, તેમાં અનેક પ્રકારો પડે છે. અહીં તો એકરૂપ પારિણામિકભાવની વાત છે; તેને 'પરિણામ' કહેવાય છતાં તેમાં અનેકરૂપતા નથી. ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન નથી. દ્રવ્ય-ગુણ અને તેનું નિરપેક્ષ વર્તમાન—તે ત્રણે અભેદરૂપ પારિણામિકભાવ છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ તે સામાન્ય પારિણામિકભાવ અને તેનો નિરપેક્ષ ધ્રુવ પરિણામ તે વિશેષ પારિણામિકભાવ—તે બંને થઈને પારિણામિકભાવ છે.

આ વાત સિદ્ધના આત્માની નથી પણ બધાય આત્માના સ્વરૂપની છે. સિદ્ધપણું કે સંસારીપણું તે તો એક અવસ્થા છે, તેને ગૌણ કરીને ત્રિકાળ આત્માને જોતાં બધા આત્મા એક સરખા સ્વભાવવાળા છે. જેમ ધર્માસ્તિકાય બીજાની અપેક્ષા વગર પોતાથી પરિપૂર્ણ છે તેમ બધા આત્મા પરની અપેક્ષા વગરના, પોતાના સ્વરૂપથી એકદમ પરિપૂર્ણ છે. આવા આત્મતત્ત્વને લક્ષમાં લઈને તેની પ્રતીતિ કરતાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન પ્રગટે છે અને તેના જ વિશેષ અનુભવથી સમ્યક્ચારિત્ર તથા મોક્ષપર્યાય પ્રગટે છે. આ નવા પ્રગટતા પર્યાય સિવાય વસ્તુનો એક નિરપેક્ષપર્યાય છે તે સદાય એકરૂપ પૂર્ણ જ છે, તેમાં નિમિત્તની અપેક્ષા

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, સકલપ્રત્યક્ષ એવા કેવળજ્ઞાનનું સ્વરૂપ કહે છે :—

**जं सव्वं पि पयासदि, दव्वपज्ञायसंजुदं लोयं।**
**तह य अलोयं सव्वं, तं णाणं सव्वपच्चक्खं ॥२५४॥**

અર્થ :—જે જ્ઞાન, દ્રવ્ય-પર્યાયસહિત સર્વ લોક તથા સર્વ અલોકને પ્રકાશે છે—જાણે છે તે સર્વ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે.

**સામાન્યજ્ઞાનમાંથી પૂર્ણજ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન થાય છે—એવો તેનો સ્વભાવ છે. જે જ્ઞાન, એક સમયમાં દ્રવ્ય–પર્યાયસહિત સર્વ લોકાલોકને જાણે છે, તે સર્વ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં લાખો કેવળજ્ઞાની ભગવાન દેહસહિત અર્થાત્ અરિહંતદશામાં બિરાજે છે. અનંત સિદ્ધભગવાન પણ ત્રણેકાળે લોકમાં જ છે. જ્ઞાની જીવ, લોકના આ સ્વરૂપને જાણે છે. લોકના આ સ્વરૂપને નહિ માનવાવાળો નાસ્તિક છે. જુઓ, વગર સમજે સ્વતંત્ર વસ્તુસ્થિતિની પ્રતીતિ થઈ શકતી નથી.**

હવે, જ્ઞાનને સર્વગત કહે છે :—

**सव्वं जाणदि जम्हा सव्वगयं तं पि वुच्चदे तम्हा।**
**ण य पुण विसरदि णाणं जीवं चइऊण अण्णत्थ ॥२५५॥**

અર્થ :—જ્ઞાન સર્વ લોક-અલોકને જાણે છે તેથી જ્ઞાનને સર્વગત પણ કહીએ છીએ, વળી જ્ઞાન છે તે જીવને છોડી અન્ય જ્ઞેય પદાર્થોમાં જતું નથી.

ભાવાર્થ :—જ્ઞાન, સર્વ લોકાલોકને જાણે છે, તેથી તેને સર્વગત વા સર્વવ્યાપક કહીએ છીએ પરંતુ જ્ઞાન તો જીવદ્રવ્યનો ગુણ છે; માટે જીવને છોડી અન્ય પદાર્થોમાં જતું નથી.

**હવે, જ્ઞાનનું સર્વગતપણું કહે છે.**

**જ્ઞાન, સમસ્ત લોકાલોકને જાણે છે; માટે તેને સર્વગત કહેવામાં આવે છે પણ તે જ્ઞાન તે જીવને છોડીને કર્મ, શરીર, આકાશ આદિ અન્ય પદાર્થમાં જતું નથી. કોઈ**

**'નિર્ગમન આ નૃપનું થયું'—નિર્દેશ સૈન્યસમૂહને,**
**વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.**

સર્વમાં અખંડ વ્યાપક વિભુ માને છે, તે માન્યતા મિથ્યા છે.

એક કેવળીની એક જ્ઞાનની પર્યાયમાં અનંત કેવળી જણાય છે; માટે તેમનું કેવળજ્ઞાન મોટું છે—એમ છે નહિ. કેવળજ્ઞાન પૂર્ણ વિકાસરૂપ થયું છે, તે પોતાના અસંખ્ય પ્રદેશમાં જ વ્યાપક છે. અનંત કેવળી સિદ્ધ થયા તો ત્યાં કોઈની સત્તા કોઈ પણ રીતે અન્યમાં ભળી જતી નથી–એવો લોકસ્વભાવ છે. આ જાણીને સ્વસન્મુખ જ્ઞાતા રહેવાવાળો જ સાચી ભાવના-અનુપ્રેક્ષા કરી શકે છે.

આત્મા, લોકાલોકના સમસ્ત તત્ત્વોને જાણવાવાળો છે, તેને જાણે ત્યારે જ યથાર્થ લોકભાવના થાય છે. લોકને જાણવાવાળું જ્ઞાન પોતે કેવું છે? આ જાણ્યા વિના લોકનું સ્વરૂપ જાણી શકાતું નથી. આત્માના જ્ઞાનસ્વભાવની એવી મહિમા છે કે પોતે પોતાના અસંખ્ય આત્મપ્રદેશોમાં રહીને લોકાલોકને વિકલ્પ વગર જાણી લે છે. જેમ, જીવને કોઈએ ઉત્પન્ન કર્યો નથી; તેમ લોકાલોકને પણ કોઈએ બનાવ્યો નથી. બધા સ્વતઃ સત્ છે, 'તો એમ કેમ?'—આ પ્રશ્ન જ જ્ઞાનમાં નથી. પદાર્થ સત્ છે, તે જ્ઞેય છે અને જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૭થી ચાલુ) (બહેનશ્રીની તત્ત્વચર્ચા)

**સમાધાન :**—આત્માને જ્ઞાનમાં લીધો, પણ આત્માની યથાર્થ મહિમા અંતરમાંથી આવવી જોઈએ. સમજણની સાથે વિરક્તિ પણ જોઈએ, તો રુચિ પલટાય. તેને પર તરફથી વિરક્તિ આવવી જોઈએ કે બહારમાં કાંઈ નથી, આત્મામાં જ બધું છે. નિરાળાપણું આવવું જોઈએ કે બહારમાં ક્યાંય અટકવા જેવું નથી, ક્યાંય સુખ નથી તેનો નિર્ણય એવો દૃઢ હોવો જોઈએ કે રુચિ પલટો ખાય. જ્ઞાનમાં-સમજણમાં વસ્તુ આવવી જોઈએ પણ એકલી સમજણ નહિ, સમજણ સાથે વિરક્તિ, મહિમા વગેરે બધું અંદરમાં હોય તો રુચિ પલટો ખાય.

મુમુક્ષુઃ—તે બધું કઈ રીતે આવે?

બહેનશ્રીઃ—પોતે કરે તો થાય.

---

(અનુસંધાન પેજ નં. ૧૬ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

બિરાજે ઈ ભગવાન તારો નથી. પહેલાં સત્યનો અંતરમાં સ્વીકાર કરવો, જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું વિશ્વાસમાં લેવું તે આત્મખ્યાતિ છે. વિશ્વાસ લઈને અંતરમાં જવાશે, વસ્તુસ્વરૂપના વિશ્વાસ વગર બિલકુલ અંતરમાં જઈ શકાશે નહિ. (ક્રમશઃ) ❊

**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**—સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૧, ગાથા - ૨૨)

**તારા પરમેશ્વરને તું દૂર ન દેખ તારો પરમેશ્વર તારી પાસે જ છે**

તો આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? તેના ઉત્તરમાં ગાથા કહે છે.

संयम्य कारणग्राममेकाग्रत्वेन चेतसः ।
आत्मानमात्मवान्ध्यायेदात्मनैवात्मनि स्थितं ।।२२।।

ઈન્દ્રિય-વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્મને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

આવો ઉપદેશ તે ઈષ્ટ ઉપદેશ છે. વ્યવહારના વિકલ્પથી કે નિમિત્ત આદિથી આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન કે અનુભવ થશે એવો ઉપદેશ તે ઈષ્ટ ઉપદેશ નથી. મનને એકાગ્ર કરીને એટલે કે સ્વ તરફ લક્ષ કરીને પાંચ ઈન્દ્રિયોને વશ કરી એટલે કે પર તરફનું લક્ષ છોડી, સ્વચ્છંદ વૃત્તિનો ત્યાગ કરી, પોતામાં સ્થિત પોતાના આત્માનો પોતાથી અનુભવ કરી શકાય છે. શુદ્ધભાવની પર્યાય દ્વારા અખંડાનંદ ભગવાન આત્માને ધ્યાવવામાં આવે છે. આ રીતે પર તરફનું વલણ છોડી સ્વ તરફ વલણ કરી નિર્મળ પર્યાય દ્વારા આત્માનું ધ્યાન કરવું. આ જ સાચી ધ્યાનની વિધિ છે. એ સિવાય આત્માના ધ્યાનનો બીજો કોઈ ઉપાય નથી.

અહીં સુખરૂપ આત્માની શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરવી, તે વાત ચાલે છે. આત્માની શાંતિ શરીર, વાણી, મનમાં નથી પણ આત્માની શાંતિ આત્મામાં જ છે. તેનું ધ્યાન કરવાની વાત છે. એકલી માખણની વાત છે.

સૌ પ્રથમ તો સર્વજ્ઞ ભગવાને આત્માનું સ્વરૂપ કેવું કહ્યું છે તે શાસ્ત્રજ્ઞાનથી જાણવું જોઈએ. ત્યાર પછી જેવું પોતાનું સ્વરૂપ છે તેમાં લીન થઈ તેનું ધ્યાન કરવું જોઈએ. એ જ શાંતિનો ઉપાય છે. બીજો ક્યાંય શાંતિનો કે ધર્મનો ઉપાય છે જ નહિ.

આત્મસ્વરૂપમાં એકાગ્ર થવા માટે પહેલાં મનને ઈન્દ્રિયવિષયોથી પાછું ફેરવવું પડે, એટલે કે મનનું પાંચ ઈન્દ્રિયના તરફ જતું વલણ સંયમમાં લાવવું જોઈએ. મનમાં વિકલ્પ ઊઠે છે તે પરજ્ઞેયો તરફનું વલણ બતાવે છે. આંખ બંધ હોય છતાં મનમાં રાગના

જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.

વિકલ્પો અતૂટ ધારાએ ચાલ્યા કરે છે. તેમાં આત્માનું કાંઈ હિત નથી. એકલો ચૈતન્યઘન આત્મા છે તેમાં પર તરફના રાગના વિકલ્પો ઊઠે છે તેને પહેલાં રોક! એમ પૂજ્યપાદસ્વામીનું અહીં કહેવું છે.

જીવને અશુભભાવથી બચાવવા માટેનું કથન હોય ત્યારે ભક્તિ, પૂજા, શ્રવણ, દાન આદિના શુભભાવ કર એમ કહેવામાં આવે છે પણ પરમાર્થે તેમાં કાંઈ આત્માનું હિત નથી. માટે અહીં શુદ્ધતાની પ્રાપ્તિ અર્થે—આત્મસ્વરૂપમાં લીનતા અર્થે શુભભાવના વિકલ્પને પણ રોકવાનો ઉપદેશ છે. મનનું પર તરફનું વલણ છે તે સ્વેચ્છાચાર વૃત્તિ છે. તેને રોકે ત્યારે જીવ સ્વરૂપમાં લીનતા કરી શકે.

ઝીણી વાત છે પણ મૂળ હિતની વાત છે. ૨૧મી ગાથામાં આત્માનું સ્વરૂપ બતાવવામાં આવ્યું હતું કે આત્મા એક સમયમાં લોકાલોકને જાણનારો, શરીર પ્રમાણ, નિત્ય, અનંત સૌખ્યવાન વસ્તુ છે. હવે એવા આત્માનું અંતર-સ્વસંવેદન કેવી રીતે કરવું તેની વિધિ અહીં ૨૨મી ગાથામાં બતાવવામાં આવી છે. દરેક આત્માએ કરવા જેવું કાર્ય તો આ સ્વસંવેદન છે.

આત્મદ્રવ્ય કોઈ અચિંત્ય મહિમાવંત દ્રવ્ય છે, તેનું ક્ષેત્ર અસંખ્યપ્રદેશ, તેનો કાળ અમાપ અને તેના ભાવની સંખ્યા પણ અમાપ અને ભાવનું સામર્થ્ય પણ અમાપ છે. આમ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માનું સ્વરૂપ શાસ્ત્રજ્ઞાન વડે પ્રથમ નક્કી કરવું જોઈએ. શાસ્ત્રજ્ઞાનથી આત્માનું સ્વરૂપ નક્કી કર્યા વિના માત્ર કપોલ-કલ્પિત ધ્યાન કરવા જાય તો એ ધ્યાન કોઈ કાળે સિદ્ધ થઈ ન શકે. જ્ઞાનમાં આત્માનું સ્વરૂપ સમજાયા વિના આત્માની મહિમા પણ ન આવે અને વિકલ્પ, રાગ તથા અલ્પજ્ઞતા આદિ ક્ષણિક ભાવોની મહિમા રહ્યા કરે.

આત્મા આત્માથી આત્માને સ્વસંવેદન પ્રત્યક્ષ કરી શકે છે. એ સ્વસંવેદનથી જ મોક્ષમાર્ગ શરૂ થાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેની ભક્તિનો ભાવ તે મોક્ષમાર્ગ છે. સૌપ્રથમ કરવા જેવું કાર્ય તો સ્વસંવેદન છે. ભગવાનનો આવો હિતકારી ઉપદેશ છે તે ઈષ્ટ-ઉપદેશ છે.

આત્માને આત્માથી જ ધ્યાવવો એટલે કે રાગ અને નિમિત્તના અવલંબન વગર સ્વસંવેદન પ્રત્યક્ષજ્ઞાનથી આત્માના ત્રિકાળી સ્વભાવને ધ્યાવવો. શીરો કરવો હોય તો પહેલાં શીરો કરવાની રીત શીખવી જોઈએ. તેમ આત્માનું સ્વસંવેદન કરવું હોય તો

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.

પહેલાં તેની વિધિ શીખવી જોઈએ. આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં લેવું જોઈએ. રાગાદિ વિકલ્પો હિતકારક નથી, સહાયક નથી એમ નક્કી કરવું જોઈએ કેમકે જ્ઞાનથી જ્ઞાન થાય છે. રાગથી જ્ઞાન થતું નથી. સ્વભાવના વેદન માટે સ્વભાવ સિવાય બીજાં કારણો એટલે કે સાધનોની જરૂર નથી. જ્ઞાનથી જ જ્ઞાન પ્રગટે છે, માટે અન્ય સાધનો કે અન્ય કારણોની મદદની જરૂર નથી. માટે બીજાં કારણો મેળવવાની ચિંતા છોડ.

પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી, કેમકે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી.માટે હું પરમ સુખી છું. એમ પહેલા વિશ્વાસ લાવ! અસ્તિપણે સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસ વડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ...અમાપ.. આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ, પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ જ નથી.

આ તો ભાઈ ! તારા સ્વદેશમાં તને લઈ જવાની વાતો છે. તારો સ્વદેશ-સ્વભાવ છે ત્યાં તારું જ્ઞાન છે અને તેનું ભાન પણ ત્યાં જ થાય છે. અનુભવપ્રકાશમાં આવે છે 'તારા પરમેશ્વરને તું દૂર ન દેખ. તું તને પ્રભુપણે સ્થાપ.' પરમેશ્વર તારી પાસે જ છે. વિકલ્પ કે વ્યવહારમાં તારો પ્રભુ નથી. તારું સામર્થ્ય તારી પાસે છે માટે તું તને પ્રભુપણે સ્થાપ ! તારી પ્રભુતાનો સ્વીકાર કર ! આ પ્રભુતાની પ્રતીતિનું અંતરથી જોર આવશે તો જ સ્વસંવેદન પ્રગટ થશે. તત્ત્વાનુશાસનના ૧૬૨મા શ્લોકમાં લખ્યું છે કે 'સ્વ-પર પ્રતિભાસ સ્વરૂપ તારો સ્વભાવ છે' સ્વ અને પરને જાણવાનો આત્માનો સ્વભાવ છે. આવો પોતાને અચિંત્ય સ્વભાવવાન ન માનતા હું રોગી, હું રાગી-દ્વેષી, હું કાળો, હું રૂપાળો, હું પૈસાવાળો એમ પરપદાર્થમાં અને વિભાવમાં પોતાની અસ્તિ માનવી આત્માને કલંક છે.

શ્રોતા :—પ્રભુ ! આ તો બહુ અઘરી વાત લીધી.


અરે ! અઘરી વાત નથી. સૌ પ્રથમ પોતાની અસ્તિ સ્વીકારવી એ તો એકડાની જ વાત છે. આત્માની સત્તા કેવી અને કેમ પ્રાપ્ત થાય તે પહેલાં એકડાની વાત છે. વ્યવહાર, નિમિત્ત અને સંયોગોમાં લોકો એવા ટેવાઈ ગયા છે કે તેને આ વાત અઘરી લાગે છે પણ દેહદેવળમાં બિરાજમાન દેવની અસ્તિ તો પહેલાં જ સ્વીકારવાની છે. સમવસરણમાં

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**નથી રાગ જીવને દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**





# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



**સમ્યગ્દર્શન વગર દેવલોકમાં પણ દુઃખ જ છે.**

સંસારની ચારે ગતિમાં અજ્ઞાનને લીધે જે દુઃખ છે તેનું વર્ણન કરતાં કરતાં હવે છેલ્લે અજ્ઞાનીનું સૌથી ઊંચું સ્થાન જે વૈમાનિક સ્વર્ગ–તેમાં પણ સમ્યગ્દર્શન વગરનો જીવ દુઃખ જ પામે છે,—એમ બતાવીને પ્રથમ અધિકાર પૂરો કરે છે—

**जो विमानवासी हूँ थाय, सम्यग्दर्शन बिन दुःख पाय**
**तहंते चय थावरतन धरै, यों परिवर्तन पूरे करै ॥१६॥**



સમ્યગ્દષ્ટિ જીવો સર્વત્ર સુખી છે, સમ્યગ્દર્શન વગરના જીવો સર્વત્ર દુઃખી છે. સ્વર્ગનો મોટો દેવ થયો તોપણ અજ્ઞાની જીવ 'સમ્યગ્દર્શન બિન સુખ ન પાયો,' સમ્યક્ત્વ સમાન સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી, ને મિથ્યાત્વસમાન દુઃખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી. કોઈ દેવ મિથ્યાત્વની તીવ્રતાથી મરીને સીધો એકેન્દ્રિયમાં જાય ને મહા દુઃખ પામે. આ રીતે નિગોદમાંથી નીકળી ચારે ગતિના ભવ કરી કરીને પાછો વળી નિગોદમાં જાય, ને એ રીતે પરિવર્તન પૂરું કરે. એમ અનંતકાળથી પરિવર્તન કરતો આવે છે ને મહા દુઃખ ભોગવતો આવે છે. તે ક્યારે ટળે?—કે જ્યારે સમ્યગ્દર્શન કરે ત્યારે. બાકી સમ્યગ્દર્શન વગર તો નવમી ગ્રૈવેયકથી નિગોદ, ને નિગોદથી નવમી ગ્રૈવેયક–એમ ફજેતફાળકાની જેમ ભવચક્ર ચાલ્યા કરે છે. નવમી ગ્રૈવેયકથી ઉપર મિથ્યાદષ્ટિ જીવો જતા નથી; નવ ગ્રૈવેયક ઉપર નવ અનુદિશ ને પાંચ અનુત્તર વિમાનો છે તેમાં તો સમ્યગ્દષ્ટિ જીવો જ છે, એટલે તેની વાત અહીં નથી લીધી; કેમકે અહીં તો મિથ્યાદષ્ટિનાં દુઃખોનું વર્ણન છે. સમ્યગ્દષ્ટિને તો બહુ અલ્પભવ બાકી હોય છે ને તે પણ ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યના જ હોય છે; તેમાં તે આત્માની આરાધના કરતાં કરતાં આનંદપૂર્વક મોક્ષને સાધે છે.

**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.**

મિથ્યાત્વથી જીવ પાંચ પરાવર્તનમાં રખડે છે.–દ્રવ્યપરિવર્તન, ક્ષેત્રપરિવર્તન, કાલપરિવર્તન, ભાવપરિવર્તન અને ભવપરિવર્તન; મિથ્યાદૃષ્ટિપણે ગ્રહવાયોગ્ય સર્વે રજકણોને અનંતવાર જીવે ગ્રહ્યા ને છોડ્યા, અનુક્રમે લોકના બધા પ્રદેશે અનંતવાર ઊપજ્યો ને મર્યો, કાળચક્રના દરેક સમયમાં તેણે જન્મ-મરણ કર્યા, મિથ્યાદૃષ્ટિને યોગ્ય જેટલા શુભ–અશુભ ભાવો છે તે અનંતવાર કર્યા, ને ચારે ગતિમાં અનંત અવતાર કર્યા,—પણ સમ્યગ્દર્શન વગર તે સર્વત્ર એકલું દુઃખ જ પામ્યો. કોઈવાર વૈમાનિક દેવ થાય ને ત્યાંથી સીધો એકેન્દ્રિયપણામાં ફૂલ તરીકે, મોતી તરીકે કે હીરા તરીકે ઊપજે. હીરા ને મોતી તો પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવો છે. કરોડો–અબજોની કિંમતના હિરા–મોતી, તેનાથી લોકો સુખ માને છે પણ તે હીરા–મોતી પોતે એકેન્દ્રિયપણાના મહા દુઃખોથી દુઃખી છે; બીજા લોકો તેની કરોડોની કિંમત કરે તેથી તેને કાંઈ સુખ નથી, તે તો મહા દુઃખી છે.

સંસારમાં ભમતા જીવે રૌ–રૌ નરકનાં દુઃખો પણ ભોગવ્યાં ને સ્વર્ગનો દેવ થઈને ત્યાં પણ દુઃખ જ ભોગવ્યું; લાખો જીવોની હિંસા કરનાર કસાઈના ભાવ પણ એણે કર્યા, ને ત્યાગી થઈ શુભરાગથી પંચમહાવ્રત પણ પાળ્યા, પણ અશુભ ને શુભ એવું જે કષાયચક્ર તેનાથી બહાર ન નીકળ્યો, સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવમાં કદી ન આવ્યો. આગળ ચોથી ઢાળમાં કહેશે કે—

મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.

જ્ઞાન જ જ્યાં નથી ત્યાં સુખ ક્યાંથી હોય? એકલું દુઃખ દુઃખ ને દુઃખ જ પામ્યો. એ દુઃખનું કારણ શું? કે જીવની ભૂલ એટલે કે મિથ્યાશ્રદ્ધા–મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર, તેનું વર્ણન હવે બીજી ઢાળમાં કરશે. અને ત્યારપછી મોક્ષસુખના કારણરૂપ સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્રનું વર્ણન કરશે. અહો! સંતોએ દુઃખી જીવો ઉપર કરુણા કરીને, દુઃખથી છૂટવાનો ને સાચું આત્મસુખ પામવાનો ઉપાય બતાવીને ઉપકાર કર્યો છે.

ભાઈ, તારે ચાર ગતિના આ સંસારદુઃખથી છૂટવું હોય તો મિથ્યાત્વાદિને મહાદુઃખનું કારણ જાણીને તુરત જ તેનું સેવન છોડ, ને સમ્યક્ત્વાદિનું પરમ સુખનું કારણ જાણીને તેની આરાધનામાં આત્માને જોડ. (ક્રમશઃ) ❊

જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૫૨) “દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિ સાધક છે, તત્ત્વ પામવું સાધ્ય છે.” દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિ વિકલ્પરૂપે સાધક છે ને આનંદસ્વરૂપ આત્મતત્ત્વને પહોંચી વળવું તે ફળ છે.

(૫૩) “તત્ત્વામૃત પીવું સાધક છે ને સંસારખેદ મટવો સાધ્ય છે.” તત્ત્વામૃતનો રસ પીવો સાધક છે, તે પીતાં ખેદ મટી જાય છે.—તે તેનું ફળ છે.

(૫૪) “મોક્ષમાર્ગ સાધક છે અને સંસારભેદ મટવો સાધ્ય છે.” આત્માની પ્રતીતિ, સ્વસંવેદનજ્ઞાન તે રાગ રહિત પરિણતિનું ફળ સંસાર મટવો તે છે.

(૫૫) “મોક્ષમાર્ગ સાધક છે ને મોક્ષ સાધ્ય છે.” આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા સાધક છે, અશુદ્ધ અને અપૂર્ણ પર્યાયનો વ્યય થઈ પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટવી તે તેનું ફળ છે.

(૫૬) “ધ્યાન સાધક છે ને મનોવિકાર વિલય સાધ્ય છે.” આત્માના જ્ઞાનની લીનતા સાધક છે ને મનનો સંગ છૂટી જવો તે ફળ છે. આત્માનું ધ્યાન કરતાં ચિત્તનો સંગ છૂટી જાય, વિકાર વિલય થઈ જાય. ધ્યાનનું ફળ કોઈ લબ્ધિ નથી. પણ રાગનો નાશ થવો તે ફળ છે.

(૫૭) “ધ્યાનાભ્યાસ સાધક છે ને ધ્યાનસિદ્ધિ સાધ્ય છે”. અખંડ જ્ઞાનસ્વરૂપને લક્ષમાં લઈ અંતરમાં અભ્યાસ કરવો તે સાધક છે. જ્ઞાનસ્વરૂપ છું—એવી અંતર્મુખ પરિણતિ સાધક છે ને ધ્યાનની સિદ્ધિ થવી તે તેનું ફળ છે.

(૫૮) ‘સૂત્રતાત્પર્ય સાધક છે ને શાસ્ત્રતાત્પર્ય સાધ્ય છે.” ચાર અનુયોગમાં જે ગાથાએ કહ્યું હોય તેનું તાત્પર્ય એ છે કે આત્મા રાગ ને પરમાણુથી જુદો છે એમ સમજવું. ગમે તે અનુયોગ હો, તેની દરેક ગાથાનો સાર એ છે કે સ્વભાવસન્મુખ જવું ને રાગનો ઘટાડો કરવો. “ગુરુનો વિનય કરવાથી જ્ઞાન થાય.” તેમ ગાથામાં લખેલ હોય ત્યાં

સ્થિતિબંધસ્થાન ન જીવને, સંક્લેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.

તાત્પર્ય 'આત્માના આશ્રયે જ્ઞાન થાય' એમ સમજવું. "અમુક માણસ મરીને નરકે ગયો" એમ કથન આવે તો ત્યાં તેવા અશુભ પરિણામના ફળમાં તે જીવને સંયોગ એવો મળ્યો, પણ તેનું શાસ્ત્રતાત્પર્ય એ છે કે—તેવા પરિણામ જેટલો હું નથી, પણ નિત્ય જ્ઞાનાનંદમય આ આત્મા છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગતા પ્રગટ કર.

(૫૯) "નિયમ સાધક છે, નિશ્ચયપદપ્રાપ્તિ સાધ્ય છે." કોઈ પ્રકારના નિયમ લ્યે તેમાં રાગરહિત થવું તે પ્રયોજન છે. નિયમરૂપ આત્મા સાધક છે અને સ્વભાવની સ્થિરતા થવી, નિશ્ચયપદ પામવું તે તેનું ફળ છે.

(૬૦) "નય, પ્રમાણ, નિક્ષેપ સાધક છે ને ન્યાય, સ્થાપના સાધ્ય છે." શાસ્ત્રકારોએ નય, પ્રમાણ ને નિક્ષેપ કહ્યા છે. તેમાં નય ને પ્રમાણ જ્ઞાનના ભેદ છે ને નિક્ષેપ જ્ઞેયોનો ભેદ છે. તે બધાનું ફળ વીતરાગતા છે.

(૬૧) "સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેય જાણવું સાધક છે, નિર્વિકલ્પ નિજરસ પીવો સાધ્ય છે." વિકાર છોડવા જેવો છે ને સ્વભાવ ઉપાદેય છે. એવા હેય-ઉપાદેયને સમ્યક્પણે જાણવું તે કારણ છે. વિકલ્પ વિનાના આનંદનો સ્વાદ લેવો તે તેનું ફળ છે.

(૬૨) "પરવસ્તુ વિરક્તતા સાધક છે, નિજવસ્તુ પ્રાપ્તિ સાધ્ય છે." પર વસ્તુથી વિરક્તતા કરવી તે સાધક છે, પરવસ્તુ છોડવાની વાત નથી. પર વસ્તુનું નિમિત્તપણું છૂટ્યું કોને કહેવાય? અંતરમાં નિજવસ્તુ પ્રાપ્ત થઈ હોય તો પરવસ્તુનો ત્યાગ નિમિત્ત કહેવાય. લોકો કહે છે કે "નહાયા એકલું પુણ્ય" પણ એમ છે જ નહિ. પરનો અભાવ ખરેખર ક્યારે કર્યો કહેવાય? નિજવસ્તુની પ્રાપ્તિ કરે તો; પણ તે ન કરે તો નિમિત્ત કહેવાય નહિ.

(૬૩) "પર દશા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે." પર પ્રાણીને ન મારવાનો શુભભાવ સાધક છે ને તેનું ફળ પુણ્ય છે—વ્યવહારધર્મ છે. પરની દયા પાળી શકે છે તે વાત નથી પણ શુભભાવની વાત છે.

(૬૪) "સ્વદયા સાધક છે, નિજધર્મ સાધ્ય છે." રાગરહિત મારું સ્વરૂપ છે, તે સાધક છે. હિંસાના ભાવ તથા પુણ્ય-પાપ, દયા-દાનાદિનો ભાવ છે તે અશુદ્ધ ભાવ છે, તે નિશ્ચયથી સ્વભાવની હિંસા છે. તેનાથી રહિત સ્વની દયા સાધક છે ને નિજધર્મ સાધ્ય છે. પર દયાથી નિજધર્મ સધાતો નથી પણ સ્વદયાથી નિજધર્મ સધાય છે.

**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.**

(૬૫) "સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે." સંવેગ એટલે મોક્ષનો અભિલાષ, રાગથી ઉદાસીનપણું વગેરે ભાવો સાધક છે ને સમ્યક્ત્વ સાધ્ય છે. પંચાધ્યાયીમાં આ બોલ આવે છે. નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ કરે તો સંવેગાદિને નિમિત્ત કહેવાય.

(૬૬) "ચેતનભાવના સાધક છે, સહજસુખ સાધ્ય છે." ભગવાન આત્માની ભાવના કારણ છે. ચૈતન્યમાં એકાગ્રતા કરવી કારણ છે ને અનાકુળ આનંદ આવવો તે ફળ છે. "આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન."—આવા શબ્દો ગોખી જવાની વાત નથી. આત્માનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે તેમ જાણે તો યથાર્થ ભાવના કહેવાય. જાણ્યા વિના ભાવના સાચી હોઈ શકે નહિ. ભાવનાના ફળમાં આનંદ પ્રગટે છે.

(૬૭) "પ્રાણાયમ સાધક છે ને મનોવશીકરણ સાધ્ય છે." પ્રાણાયમ સાધક છે, તેના કારણે મનની સ્થિરતા થાય છે, આત્માની થતી નથી.

(૬૮) "ધારણા સાધક છે, ધ્યાન સાધ્ય છે." આત્મા શુદ્ધ ચિદાનંદ છે એવી ધારણા કરવી તે સાધક છે. ધ્યાનની ધારણાની વાત છે. તેમાંથી ધ્યાન થવું તે સાધ્ય છે. શરીરને જમીનની અંદર દાટી દે તોપણ વાંધો ન આવે એ ધારણાનું ફળ નથી. અંતર એકાગ્ર થવું તે ફળ છે.

(૬૯) "ધ્યાન સાધક છે ને સમાધિ સાધ્ય છે." ધ્યાન સાધક છે ને આધિ, વ્યાધિ, ઉપાધિરહિત આત્માની સમાધિ તે ફળ છે.

(૭૦) "આત્મરુચિ સાધક છે ને અખંડ સુખ સાધ્ય છે." આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, તેની રુચિ સાધક છે ને અખંડ સુખ તે સાધ્ય છે. અખંડપણે આત્માની રુચિ કરે તો સંસારનાં ખંડખંડ સુખ નાશ થઈ, અખંડ સુખ પ્રાપ્ત થાય. લોકો કહે છે કે અમને વિશ્વાસ છે કે મરીને અમે ભગવાન પાસે જઈશું—તે આત્માના વિશ્વાસનું ફળ નથી. આત્માના અખંડ સુખને પ્રાપ્ત કરવું તે ફળ છે.

(૭૧) "નય સાધક છે ને અનેકાંત સાધ્ય છે." ત્રિકાળી સ્વભાવને જાણે તે નિશ્ચયનય છે. પર્યાયને જાણે તે વ્યવહારનય છે. એમ જાણીને અનેકાંત સિદ્ધ કરવું છે. દ્રવ્યનો દ્રવ્યધર્મ છે પર્યાયનો પર્યાયધર્મ છે. સંસાર પર્યાયમાં વિકાર છે ને સ્વભાવમાં વિકાર નથી, આમ અનેકાંત સાધ્ય છે. (ક્રમશઃ) ❊

વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,
પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ—અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૭) અશુચિત્વાનુપ્રેક્ષા

अट्ठोहिं पडिबद्धं मंसविलित्तं तएण ओच्छण्णं ।
किमिसंकुलेहिं भरियमचोक्खं देहं सयाकालं ।।४३।।

આ શરીર હાડકાંઓથી બનેલો છે, માંસથી વીંટાયેલો છે, ચામડીથી ઢંકાયેલો છે, કૃમિઓના સમૂહથી ભરેલો છે અને સદાય મલિન રહે છે. ૪૩.

दुग्गंधं बीभच्छं कलिमलभरिदं अचेयणं मुत्तं ।
सडणप्पसहावं देहं इदि चिंतए णिच्चं ।।४४।।

આ શરીર દુર્ગંધથી યુક્ત છે, ઘૃણાસ્પદ છે, મલિન મળથી ભરેલો છે, અચેતન છે, મૂર્તિક છે તથા સડન-ગલન સ્વભાવી છે એવું ચિંતન કરવું જોઈએ. ૪૪.

रसरुहिरमंसमेदट्ठीमज्जसंकुलं पुत्तपूयकिमिबहुलं ।
दुग्गंधमसुचि चम्ममयमणिच्चमचेयणं पड़णं ।।४५।।

આ શરીર, રસ, રુધિર, હાડ, માંસ, ચરબી તથા મજ્જાથી યુક્ત છે, મૂત્ર, પરૂ અને કૃમિઓથી ભરેલો છે, દુર્ગંધમય છે, અપવિત્ર છે, ચર્મમયી છે, અનિત્ય છે, અચેતન છે અને પતનશીલ છે—નશ્વર છે. ૪૫.

देहादो वदिरित्तो कम्मविरहिओ अणंतसुहणिलयो ।
चोक्खो हवेइ अप्पा इदि णिच्चं भावणं कुज्जा ।।४६।।

આત્મા આ શરીરથી જુદો છે, કર્મરહિત છે, અનંત સુખનો ભંડાર છે તથા પવિત્ર છે એ પ્રકારે નિરંતર ભાવના કરવી જોઈએ. ૪૬.

---

તારા સ્વભાવ સિવાય, ભાઈ ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. —પૂજ્ય ગુરુદેવશ્રી

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.**






આ તો અશરીરી
થવાનું શાસ્ત્ર છે

## મોક્ષમાં જવાનું શુકન

અહો, આ 'સમયસાર' તો મોક્ષમાં જવા માટેનું શુકન છે. જેને આ સમયસાર મળ્યું તેને મોક્ષનાં ઉત્તમ શુકન થયા. તેના ભાવો સમજનાર આનંદપૂર્વક મોક્ષમાં જશે.

આ સમયસારના પક્ષી, એટલે કે જેને સમયસારરૂપી પાંખ મળી, અને સમયસારમાં જેવો શુદ્ધઆત્મા કહ્યો છે તેવો લક્ષમાં લઈને તેનો જેણે પક્ષ કર્યો, તે નિરાલંબી જ્ઞાનગગનમાં વિહરે છે એટલે કે જ્ઞાનસ્વભાવનો અનુભવ કરે છે. સમયસાર તો શુદ્ધ સોના જેવું નિર્મળ છે, સો ટચના સોના જેવા શુદ્ધભાવો આ સમયસારમાં ભર્યા છે; આવા સમયસારનું શ્રવણ કરતાં, એટલે તેના વાચ્યરૂપ શુદ્ધ આત્માને લક્ષમાં લઈને ભાવશ્રવણ કરતાં ભવ્યજીવોને હૈયાનાં ફાટક ખુલી જાય છે... તે નિઃશંક થઈ જાય છે કે અહો, સમયસારે તો ન્યાલ કર્યા; અમે સંસારથી છૂટા પડીને મોક્ષના માર્ગમાં આવી ગયા.... સમયસારે તો અશરીરીભાવ બતાવ્યો....ખરેખર, બહુમાનપૂર્વક આવા સમયસારનું શ્રવણ તે મોક્ષમાં જવાનું શુકન છે.

नाटक सुनत हिये फाटक खुलत है।



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—પૈસા–વૈભવમાં આકર્ષણ શક્તિ બહુ લાગે છે?**

ઉત્તર :—પૈસા-વૈભવમાં આકર્ષણ કાંઈ જ નથી, એ જીવના મોહની મૂર્ખાઈ છે, પાગલપણું છે, પરમાં મોહ કરીને પોતાનો ભવ બગાડીને ચોરાશીના ભ્રમણમાં ચાલ્યો જાય છે.

**પ્રશ્ન :—સ્વછંદ એટલે શું?**

ઉત્તર :—વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે, અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વછંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું? એમ માને તે સ્વછંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વછંદતા સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભિંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે.

**પ્રશ્ન :—એક બાજુ દેહને ભગવાન આત્માનું દેવાલય કહેવાય ને બીજી બાજુ દેહને મૃતક ક્લેવર કહેવાય, તો ખરું શું?**

ઉત્તર :—દેહ તો મૃતક ક્લેવર જ છે. એ સાચું જ છે પણ ભગવાન આત્માનો મહિમા બતાવતાં, દેહમાં દેવાલયનો ઉપચાર કરીને પણ દેવનો મહિમા કરવામાં આવે છે.

**પ્રશ્ન :—દ્રવ્યપરમાણુ ને ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું શાસ્ત્રમાં કહ્યું છે તો અન્ય શાસ્ત્રમાં તો શુદ્ધાત્માનું ધ્યાન કરવાથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે?**

ઉત્તર :—દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરવા કહ્યું છે તે પુદ્‌ગલ પરમાણુનું કથન નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપની સૂક્ષ્મતાને દ્રવ્યપરમાણુ કહ્યું છે ને સ્વસંવેદન પરિણામ તે ઈન્દ્રિય-મનને ગમ્ય ન હોવાથી સૂક્ષ્મ છે, તેને ભાવપરમાણુ કહ્યું છે. આ દ્રવ્યપરમાણુના, ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે.

**પ્રશ્ન :—જડમાં અનુભૂતિ હોય?**

ઉત્તર :—જડમાં પણ અનુભૂતિ હોય છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમવું તેને જડમાં અનુભૂતિ કહે છે.

**દેખી લૂંટાતું પંથમાં કો, ‘પંથ આ લૂંટાય છે’—**
**બોલે જનો વ્યવહારી પણ નહિ પંથ કો લૂંટાય છે. ૫૮.**

પ્રશ્ન :—આ સાંભળેલું યાદ રહેતું નથી તેનું શું કરવું?

ઉત્તર :—કોઈએ સરખાઈની આકરી ગાળ દીધી હોય તે યાદ રહે છે ને! તો ગુણ યાદ કેમ ન રહે! પણ પોતાને ખરી દરકાર નથી તેથી યાદ રહેતું નથી. દરકાર હોય તો યાદ રહે જ.

પ્રશ્ન :—શાસ્ત્રમાં મનુષ્યના શરીરમાં કેટલા રોગ હોવાનું કહ્યું છે?

ઉત્તર :—ભાવપાહુડ ગાથા ૩૭માં કહ્યું છે કે આ મનુષ્યના શરીરમાં એક તસુમાં છન્નુ છન્નુ રોગ છે તો આખા શરીરમાં રોગ કેટલા? (એ હિસાબે આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવાણું હજાર પાંચસો ચોર્યાશી રોગ હોય છે) શરીર તો રોગની મૂર્તિ છે અને આત્મા આનંદનો સાગર છે. રોગથી ઘેરાઈ જાય ત્યારે ક્યાં જવું? અરે! અંદર આત્મા વજ્રનો કિલ્લો છે, જ્યાં રોગનો અને રાગનો પ્રવેશ નથી, એકલો આનંદ જ ભર્યો છે ત્યાં ઘૂસી જવું! આત્મા પરમ શરણ ને શાંતિનું ધામ છે.

પ્રશ્ન :—આપ પ્રવચનસાર કરતાં સમયસારના બહુ વખાણ કરો છો તેનું શું કારણ?

ઉત્તર :—પ્રવચનસારમાં જ્ઞાન પ્રધાન કથન છે, અને સમયસારમાં દૃષ્ટિ કરાવવાના પ્રયોજનનું કથન મુખ્ય છે. સમયસારમાં વિકારને પુદ્‌ગલના લક્ષે થતો હોવાથી અને તે જીવનો સ્વભાવભાવ ન હોવાથી તેની દૃષ્ટિ છોડાવી દ્રવ્યની દૃષ્ટિ કરાવવાનું કથન મુખ્ય છે અને દ્રવ્યદૃષ્ટિથી જ સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

પ્રશ્ન :—દર્શનમોહની એક પ્રકૃતિનું નામ સમ્યક્ત્વ–પ્રકૃતિ કેમ છે?

ઉત્તર :—કેમ કે તેના ઉદયની સાથે સમ્યક્ત્વ પણ હોય છે, એટલે સમ્યક્ત્વની સહચારિણી હોવાથી તેનું નામ 'સમ્યક્ત્વપ્રકૃતિ' પડ્યું. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે તેનો ઉદય હોય છે.

પ્રશ્ન :—સંખ્યા અપેક્ષાએ મોટામાં મોટું અનંત કોણ?

ઉત્તર :—કેવળજ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદ સૌથી મહાન અનંત છે. અલોકાકાશના પ્રદેશ વગેરે બીજા અનંત કરતાં તે અનંતગણું—એમ કહીને પણ તેનું માપ આપી શકાતું નથી. આત્મદ્રવ્યની આ કોઈ અચિંત્ય તાકાત છે. જેમ વિકલ્પથી તેની તાકાતનો પાર નથી પમાતો તેમ ગણિતથી પણ તેની તાકાતનો પાર નથી પમાતો.

ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,<br>
ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—બધા જીવો કોઈ ને કોઈ વિકલ્પમાં અટક્યા કરે છે. તો તે વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ કેમ થવાતું નથી?

**સમાધાન** :—પોતાના પુરુષાર્થની નબળાઈ છે, બીજું કોઈ કારણ નથી. પ્રજ્ઞાછીણી જોરથી પટકવી તે જ કરવાનું છે. ક્ષણે ક્ષણે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ પુરુષાર્થની ઉગ્રતા કરવી. તે એકવાર કરવાથી ન થાય, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, બેસતાં-ઊઠતાં, અને સૂતાં-સ્વપ્નમાં પણ હું જ્ઞાયક છું—એવી ભેદજ્ઞાનની ઉગ્રતા કરે તો થાય. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો ટાઈમ લાગે. તેણે નિરંતર એવો અભ્યાસ કરવો જોઈએ કે હું જ્ઞાતા-જ્ઞાતા-જ્ઞાતા જ છું, જ્ઞાતા જ અંદર પોતાની પરિણતિમાં ગૂંથાઈ જવો જોઈએ. જેમ શરીર અને વિકલ્પ સાથે એકમેકપણું થઈ ગયું છે તેમ વર્તમાનમાં આત્મા એકમેક ઘૂંટાઈ જવો જોઈએ, ત્યારે પ્રાપ્ત થાય.

*પ્રશ્ન* :—ધારણાજ્ઞાન ધર્મનું સાધન છે?

**સમાધાન** :—આ જીવ છે, આ અજીવ છે એવું ધારણાજ્ઞાન તથા મંદ કષાય કરીએ તો ધર્મ થાય, તે ધર્મનું સાધન છે એવી માન્યતાથી તો તેને નુકસાન છે. ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન ન સમજવું.

ધારણાજ્ઞાન એટલે ગોખેલું જ્ઞાન નહિ, પણ પોતે પહેલાં હું ચૈતન્ય છું, આ સ્વભાવ જુદો ને આ વિભાવ જુદો એમ પોતાની બુદ્ધિથી નક્કી કરેલું છે તેને ધારણાજ્ઞાન કહે છે. શાસ્ત્રો ઘણા ગોખી જવા—એવા પ્રકારનું જ્ઞાન થવું—તે સાચું ધારણાજ્ઞાન નથી અને તે ગોખેલું (શાસ્ત્રજ્ઞાન) કામ નથી આવતું. વાસ્તવિક સાધન તો જે સ્વભાવ છે તે સાધન થાય છે ને ત્યારે ધારણાજ્ઞાનને વ્યવહારથી સાધન કહેવાય છે.

મૂળ સાધન તો દ્રવ્યસ્વભાવ છે. પુરુષાર્થ અંતરમાંથી ઊપડે તો તે વાસ્તવિક સાધન થાય છે. પોતાની પરિણતિ જેમાંથી ઊછળે છે તે દ્રવ્યસ્વભાવ મૂળ સાધન છે. જે સ્વાનુભૂતિ કરે તેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે અને તેને આવા ભેદવિકલ્પ વચ્ચે આવે છે, પણ તેમાં તે

એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,
નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.

રોકાતો નથી. રુચિવાળા જીવને ઘણા પ્રકારના વિકલ્પો આવે પણ તેમાં રોકાય નહિ; વાસ્તવિક સાધન તો દ્રવ્યદૃષ્ટિ જે અંતરમાંથી પ્રગટે તે જ છે, પણ રુચિની સાથે હું ચૈતન્ય છું, જ્ઞાન છું એવી જાતનો અભ્યાસ આવ્યા વગર રહેતો નથી. જેમ ગુરુનો ઉપદેશ વચ્ચે હોય છે, તેમ અમુક જાતના શુભ વિકલ્પો વચ્ચે આવે છે. હું જ્ઞાન છું—દર્શન છું, એવા ભેદવિકલ્પો વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિમાં તો અનંતગુણનો પિંડ એક ચૈતન્ય જ છે. વિકલ્પ સાધનરૂપ થતો નથી કેમકે વિકલ્પ તોડવામાં વિકલ્પ સાધન ન થાય. નિર્વિકલ્પ દશા પ્રગટે ત્યારે વિકલ્પ હોતા નથી.

નિર્વિકલ્પ દશાનું સાધન જ્ઞાયક છે કે જેનાથી પોતાની પરિણતિ નિર્વિકલ્પરૂપ થાય છે, પણ વચ્ચે વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. તેના જ્ઞાનમાં એમ હોવું જોઈએ કે આ વિકલ્પ વાસ્તવિક સાધન નથી, પણ વ્યવહાર છે. વિકલ્પમાં સર્વસ્વતા માની ન લેવી જોઈએ કે આમ કરતાં કરતાં થશે, પણ તેની દૃષ્ટિ તેના પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવા તરફ જ હોવી જોઈએ. મારું અસ્તિત્વ કેમ ગ્રહણ કરું! તે તરફ દૃષ્ટિ હોવી જોઈએ. સ્વભાવની ખોજ કરવાની છે, તેમાં આ જ્ઞાન છે-દર્શન છે એવા વિચારો આવ્યા વગર રહેતા નથી.

***પ્રશ્ન* :—**વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી તે બરાબર છે, પણ તેની રુચિ થઈ જાય તો નિશ્ચય પ્રગટે નહિ ને?

**સમાધાન :—**વ્યવહારની રુચિ એટલે કે તેમાં જ રોકાઈ રહેવું ન જોઈએ. તે વચ્ચે આવે છે, પણ તેની દૃષ્ટિ આગળ જવાની હોવી જોઈએ.

આચાર્યદેવ કહે છે કે અમે તને ત્રીજી ભૂમિકામાં—અમૃતકુંભની ભૂમિકામાં— જવાનું કહીએ છીએ ત્યાં નીચે નીચે ન પડ. અમે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ, શુભ છોડી અશુભમાં જવાનું કહેતાં નથી. ઊંચે ઊંચે શુદ્ધની ભૂમિકામાં જવાનું કહીએ છીએ તેમાં આ શુભભાવ આવે, પણ તેને સર્વસ્વ માની લેવું નહિ. શુદ્ધ ભૂમિકા કેમ પ્રગટે, અમૃતકુંભ ભૂમિકા કેમ પ્રગટે એમ દૃષ્ટિ ત્યાં હોવી જોઈએ, રુચિ ત્યાં હોવી જોઈએ ને વચ્ચે આ બધો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી.

***પ્રશ્ન* :—**રુચિ પરથી ખસતી નથી અને અહીં આવતી નથી તો સ્વરૂપ કઈ રીતે જ્ઞાનમાં લેવું કે જેથી રુચિનો પલટો સહેજે થાય? મૂંઝવણ પણ ઘણી થાય છે કે ક્યાં સુધી આમ ને આમ રહેવું? (જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

## બાળ વિભાગ

# સુકોશલ–રાજકુમારનો વૈરાગ્ય

હમણાં તમે જેમના વૈરાગ્યની કથા વાંચી, તે વજ્રબાહુનો નાનો ભાઈ પુરંદર, અયોધ્યાનો રાજા થયો. તેણે પોતાના પુત્ર કીર્તિધરને રાજ્ય સોંપીને મુનિદીક્ષા લીધી. તે કીર્તિધરના પુત્રનું નામ સુકોશલ.

અયોધ્યાના રાજા કીર્તિધરનું ચિત્ત સંસાર ભોગોથી વિરક્ત હતું....તે ધર્માત્મા રાજપાટ વચ્ચે પણ સંસાર-ભોગોનું અસારપણું વિચારતા હતા, ને મુનિદશાની ભાવના ભાવતા હતા.




એક દિવસ ભરબપોરે આકાશમાં સૂર્યગ્રહણ દેખીને તેમનું ચિત્ત ઉદાસ થયું ને સંસારની અનિત્યતા વિચારવા લાગ્યા : અરે, આ સૂર્ય પણ રાહુ વડે ઢંકાઈ જાય છે, તો આ સંસારના ક્ષણભંગુર ભોગોની શી વાત ! એક ક્ષણમાં વિનષ્ટ થઈ જશે. માટે તેનો મોહ છોડીને હું આત્મહિત માટે જિનદીક્ષા અંગીકાર કરીશ....

રાજા કીર્તિધરે પોતાના વૈરાગ્યના વિચાર મંત્રીઓને કહ્યા : મંત્રીઓએ કહ્યું; મહારાજ ! તમારા વગર આ અયોધ્યાપુરીનું રાજ્ય કોણ સંભાળશે ? હજી તમે યુવાન છો.....વળી જેમ તમારા પિતાએ તમને રાજ્યભાર સોંપીને પછી જિનદીક્ષા લીધી હતી, તેમ તમે પણ તમારા પુત્રને રાજ્ય સોંપીને પછી દીક્ષા લેજો.— આ પ્રમાણે મંત્રીઓએ વિનતિ કરી. આથી રાજાએ એવી પ્રતિજ્ઞા લીધી કે પુત્રનો જન્મ થવાના સમાચાર સાંભળું તે જ દિવસે તેનો રાજ્યાભિષેક કરીને હું મુનિવ્રત ધારણ કરીશ.

થોડા સમય બાદ, કીર્તિધર રાજાની રાણી સહદેવીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો...તેનું નામ 'સુકોશલ.'

પુત્રજન્મની વાત સાંભળશે તો રાજા દીક્ષા લઈ લેશે—એવી બીકને લીધે રાણી સહદેવીએ તે વાત છૂપાવી રાખી. થોડા દિવસ સુધી તો તે વાત રાજાથી ગુપ્ત રહી. પણ સૂરજ ઊગે તે ક્યાં સુધી છાનું રહે ? તેમ પુત્રજન્મના ખુશખબર આખી અયોધ્યાનગરીમાં ફેલાઈ


આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,
તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી! ૬૨.



ગયા....ને થોડા જ દિવસમાં કોઈ નગરજને રાજાને તે વધાઈ આપી. રાજાએ ખુશી થઈને તેને પોતાના વસ્ત્રાભૂષણ ભેટ આપ્યાં...બસ, હવે હું તે રાજપુત્રને રાજ્ય સોંપીને આ સંસારબંધનથી છૂટીશ; આમ તેણે વિચાર્યું; અને પંદરદિવસની વયનો રાજકુમાર સુકોશલ, જે હજી તો માતાની ગોદમાં હતો. તેને રાજતિલક કરીને પોતે જિનદીક્ષા ધારણ કરી લીધી...અને આત્મસાધનામાં તત્પર થઈને વનમાં વિચરવા લાગ્યા.

કીર્તિધર રાજા મુનિ થઈ ગયા તેથી તેમની રાણી સહદેવીને ઘણો જ આઘાત થયો; તેને બીક લાગી કે મારો કુંવર પણ ક્યાંક દીક્ષા લઈને ચાલ્યો જશે તો! તેમાં વળી કોઈ ભવિષ્યવેત્તાએ તેને કહ્યું કે—‘જે દિવસે આ રાજકુમાર તેના પિતાને દેખશે તે જ દિવસે તે દીક્ષા લઈ લેશે.’ આથી કોઈ મુનિ તે રાજકુમારની નજરે ન ચડી જાય તે માટે તેણે એવો હુકમ કર્યો કે કોઈ નિર્ગ્રંથ–મુનિને રાજમહેલની સમીપ આવવા ન દેવા! અરેરે, પુત્રમોહથી તેને મુનિઓ ઉપર દ્વેષભાવ આવી ગયો.

રાજકુમાર સુકોશલ વૈરાગ્યવંત ધર્માત્મા હતો; રાજવૈભવના સુખોમાં એનું ચિત્ત ચોંટતું નહીં. આત્મસ્વભાવની ભાવનામાં તે રત રહેતો હતો. યુવાન થતાં તેની માતાએ તેનાં લગ્ન કર્યાં. એક દિવસ સુકોશલકુમાર રાજમહેલની અગાશીમાં બેસીને અયોધ્યા નગરની શોભા નીહાળતો હતો; તેની માતા સહદેવી તેમ જ ધાવમાતા પણ ત્યાં જ હતા.



એવામાં એકાએક ગામ બહાર નજર કરતાં રાજકુમારે જોયું કે કોઈ મહા તેજસ્વી મુનિરાજ શહેર તરફ આવી રહ્યા છે...પણ રાજ્યના સિપાઈઓ તેમને દરવાજા બહાર અટકાવી રહ્યા છે...નગરીમાં આવવા દેતા નથી. એ દૃશ્ય દેખીને કુમારને આશ્ચર્ય થયું... તેને સમજાયું નહિ કે આવનાર મહાપુરુષ કોણ છે ને પહેરેગીરો તેને શા માટે રોકી રહ્યા છે?

**વર્ણાદિ છે સંસારી જીવનાં એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.**

બીજી બાજુ સહદેવીએ પણ તે મુનિરાજને દેખ્યા...તે બીજું કોઈ નહિ પણ મહારાજા કીર્તિધર જ હતા.—જેમણે સુકોશલને ૧૫ દિવસનો છોડીને દીક્ષા લીધી હતી. તેમને જોતાં જ રાણીને ધ્રાસકો પડ્યો કે અરે, તેમના વૈરાગ્ય—ઉપદેશથી મારો પુત્ર પણ ક્યાંક સંસાર છોડીને ચાલ્યો જશે !

આથી રાણી સહદેવીએ સેવકોને આજ્ઞા કરી કે આ કોઈ મેલો-ઘેલો અજાણ્યો નગ્નપુરુષ નગરીમાં આવે છે. તે ક્યાંક મારા સુકોશલ પુત્રને ભોળવીને લઈ જશે ! માટે તેને નગરમાં આવવા ન દેશો. વળી નગરીમાં એવા બીજા નગ્ન સાધુઓ આવે તો તેમને પણ આવવા ન દેશો; જેથી મારો પુત્ર તેને દેખવા ન પામે ! પંદર દિ'ના નાના બાળકને છોડીને ચાલ્યા જતાં તેમને દયા પણ ન આવી !

—આમ સહદેવીએ, સાધુ થયેલા પોતાના સ્વામી પ્રત્યે અનાદરવચન કહીને તીરસ્કાર કર્યો... 'અરેરે ! આ દુષ્ટ રાણી એક વખતના પોતાના સ્વામીનું અપમાન કરે છે !'—એ દેખીને ધાવમાતાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં !

એ વખતે, સુકોશલ રાજકુમારનું કોમળ હૃદય ઉપરનું દૃશ્ય જોઈ ન શક્યું, તેણે તરત ધાવમાતાને પૂછ્યું—　　　　(ક્રમશઃ) ❊

## ❊ મંગલ પત્રિકાલેખન વિધિ ❊

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૯મો જન્મોત્સવ શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર સંયુક્ત મુમુક્ષુ સંઘ દ્વારા ઊજવવામાં આવનાર છે તેની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૪-૭-૨૦૨૨ ગુરુવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે પરમાગમમંદિરમાં પૂજન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું હતું. ત્યારબાદ મુમુક્ષુઓ મેહુલભાઈ પરિમલભાઈ શાહના નિવાસસ્થાન ગુરુપ્રભાવમાં ગયા હતા ત્યાં ભક્તિસહ પત્રિકાની વધાઈ કરવામાં આવી ત્યારબાદ વાજતે-ગાજતે ભક્તિપૂર્વક નિમંત્રણ-પત્રિકાને બહેનશ્રીના નિવાસસ્થાને થઈને પરમાગમમંદિર લાવવામાં આવી. આ પ્રસંગે પરમાગમમંદિરને વિશેષરૂપે સજાવવામાં આવ્યું હતું. નિમંત્રણપત્રિકાનું વાંચન પ્રતિષ્ઠાચાર્ય, વિદ્વાન, બા.બ્ર. શ્રી વૃજલાલભાઈ ગિરધરભાઈ શાહ, વઢવાણ દ્વારા કરવામાં આવ્યું. પશ્ચાત્ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ પત્રિકા લેખનના સૌજન્યનો લાભ વાંકાનેર નિવાસી માતુશ્રી વિમળાબેન ચીમનલાલ ફૂલચંદ શાહ પરિવાર હસ્તે મેહુલભાઈ પરિમલભાઈ શાહ પરિવારને મળ્યો હતો આ પ્રસંગે સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, પંચ મુમુક્ષુમંડળના સભ્યો તથા બહારગામથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

વાંકાનેર નિવાસી માતુશ્રી વિમળાબેન ચીમનલાલ ફૂલચંદ શાહ પરિવાર હસ્તે મેહુલભાઈ પરિમલભાઈ શાહ પરિવાર દ્વારા સમ્યક્ત્વસાધનાધામમાં તા. ૧૭-૭-૨૦૨૨ના રોજ પત્રિકાલેખનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સોનગઢથી જવા-આવવા માટેની વ્યવસ્થા આયોજક પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

**એ રીત પુદ્ગલ તે જ જીવ, હે મૂઢમતિ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્ગલદ્રવ્ય પામ્યું જીવત્વને! ૬૪.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

✽ **રક્ષાબંધન પર્વ** :—શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૧-૮-૨૦૨૨, ગુરુવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

✽ **જ્ઞાનવૈભવ-પ્રકાશન વાર્ષિક દિવસ** :—'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૨૬-૮-૨૦૨૨ શુક્રવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

✽ **દશલક્ષણપર્યુષણ પર્વ** :—ભાદરવા સુદ ૪, બુધવાર તા. ૩૧-૮-૨૦૨૨ થી શુક્રવાર તા. ૯-૯-૨૦૨૨ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુપણ પર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૮-૯-૨૦૨૨ ગુરુવારથી તા. ૧૦-૯-૨૦૨૨ શનિવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

✽ **ઉત્તમ ક્ષમાવણી પર્વ** :—ભાદરવા વદ-૧, રવિવાર તા. ૧૧-૯-૨૦૨૨ના દિવસે ક્ષમાવણી પર્વ સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### ✽ સ્વાધ્યાયમંદિરમાં આધુનિક સાઉન્ડ સિસ્ટમનું ઉદ્‌ઘાટન ✽

સ્વાધ્યાયમંદિરમાં ગુરુદેવશ્રીની વાણીની વિશેષ સ્પષ્ટતા માટે આધુનિક સાઉન્ડ સિસ્ટમ લગાવવામાં આવી છે. તેનું ઉદ્‌ઘાટન તા. ૩-૭-૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું, આ પ્રસંગે સવારે જિનેન્દ્ર પૂજા પછી ૮.૧૫ વાગ્યે પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીના માંગલિક દ્વારા સાઉન્ડ સિસ્ટમનું ઉદ્‌ઘાટન સૌજન્ય પરિવાર દ્વારા માનનીય પ્રમુખશ્રી, ટ્રસ્ટીગણ, બ્રહ્મચારી બહેનો, મુમુક્ષુ ભાઈ-બહેનોની મંગલ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ સાઉન્ડ સિસ્ટમના સંપૂર્ણ લાભાર્થી માતુશ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર હસ્તે મિનલબેન પ્રદીપભાઈ કામદાર તથા પ્રીતિબેન પંકજભાઈ કામદાર પરિવાર છે.

## (૧૦૮)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો)

(૧) બધા લૌકાંતિક દેવો તેમજ સર્વાર્થસિદ્ધિના દેવો નિયમથી ............. ભવ પછી મોક્ષમાં જાય છે.

(૨) ખરભાગમાં ................. દેવોના નિવાસસ્થાન છે.

(૩) રત્નપ્રભા પ્રથમ નરકના ત્રણ ભાગ ૧. .................. ૨............... ૩ ............... છે.

(૪) પ્રથમ નરકના ............ બિલો છે.

(૫) નરકથી નીકળેલ જીવ .............. અને ................ થઈ શકતા નથી.

(૬) જંબૂદ્વીપનો વિસ્તાર .................... જેવા આકારવાળો છે.

(૭) મધ્યલોકની પહોળાઈ .................. અને ઉંચાઈ ...................... યોજન છે.

(૮) જંબૂદ્વીપને ફરતો ................. સમુદ્ર છે તેનો વિસ્તાર ............. યોજનનો છે.

(૯) લવણ સમુદ્રને ફરતો ................... છે તેનો વિસ્તાર ............... યોજન છે.

(૧૦) હિમવત અને હિરણ્યવત ક્ષેત્રમાં ................ ભોગભૂમિ છે.

(૧૧) વિદેહક્ષેત્રના દેવકુરુ-ઉત્તરકુરુમાં ................. ભોગભૂમિ છે.

(૧૨) ધાતકીખંડના પૂર્વમાં ............ પર્વત અને પશ્ચિમ દિશામાં .............. પર્વત છે.

(૧૩) માનુષોત્તર પર્વત .................... યોજન પૃથ્વીથી ઊંચો છે.

(૧૪) મહા હિમવતક્ષેત્રના પદ્મ સરોવરમાંથી ............... નદી નીકળે છે.

(૧૫) પાંચ મેરુ સંબંધી ............. ભોગભૂમિ છે.

(૧૬) જંબૂદ્વીપની વચમાં પૂર્વ-પશ્ચિમ લાંબા ............. કુલાચલ પર્વત છે.

(૧૭) માનુષોત્તર પર્વત ............... યોજન જમીનની અંદર તેનો પાયો છે.

(૧૮) પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વ દિશામાં ............... મેરુ અને પશ્ચિમ દિશામાં ................ મેરુ પર્વત છે.

(૧૯) કાલોદધિ સમુદ્રનો વિસ્તાર ............... લાખ યોજન છે.

(૨૦) જો કોઈ જીવ સતત નરકમાં ઉપરાઉપરી જાય તો પ્રથમ પૃથ્વીમાં ............ વાર જઈ શકે.

## (૧૦૮)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) પુણ્ય બંધાય એમાં .............. ને બંધન થાય છે.

(૨) વીતરાગતામાં જ .............. છે.

(૩) .............. સ્વભાવને ઓળખે ત્યારે મોક્ષની શ્રદ્ધા થાય છે.

(૪) અજ્ઞાની જીવો દુઃખના કારણભૂત .............. ભાવને નિરંતર સેવે છે.

(૫) સુખના કારણરૂપ ..............ને ક્ષણ પણ સેવતા નથી.

(૬) ..............નું સેવન કર અને .............. ભાવોને છોડો.

(૭) શુભરાગની પ્રીતિથી .............. મળે છે.

(૮) ચૈતન્યની પ્રીતિથી .............. મળે છે.

(૯) ધર્મી પોતાને સદાય હું .............. છું એમ જાણે છે.

(૧૦) ચૈતન્યમાં લીન મુનિઓ .............. ભાવથી મહાન .............. છે.

(૧૧) .............. .............. .............. ત્રણે રાગ વગરના .............. છે.

(૧૨) મોક્ષનું કારણ .............. સુખરૂપ હોય.

(૧૩) .............. રૂપ ધર્મ સાધીને જીવો મુક્ત થયા.

(૧૪) હે જીવ તું .............. માં ગમાડ તેમાં .............. છે.

(૧૫) ..............ની નિરાકુળતાનો સ્વાદ લે ત્યારે જીવ .............. છે.

(૧૬) સુખ .............. માંથી અનુભવાય છે.

(૧૭) ઈચ્છા તે .............. રૂપ છે.

(૧૮) સિદ્ધ ભગવાન મોક્ષમાં ..............ને ભોગવે છે.

(૧૯) સંસારી જીવો .............. અને .............. કરીને દુઃખ ભોગવે છે.

(૨૦) ધર્મીને તીર્થંકર પ્રકૃતિ .............. થી બંધાય છે .............. થી નહીં.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જુલાઈ– ૨૦૨૨ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ૧૮ | (૮) | ચંપાપુર | (૧૫) | એક |
| (૨) | પુષ્પદંત–ભૂતબલી | (૯) | મોક્ષશાસ્ત્ર | (૧૬) | દ્રવ્ય |
| (૩) | સમવસરણ | (૧૦) | કાશી બનારસ | (૧૭) | કર્તાકર્મ |
| (૪) | ૩ | (૧૧) | પર્યાય | (૧૮) | સમયસાર (કર્તાકર્મ અધિકાર) |
| (૫) | પ્રદેશત્વ | (૧૨) | પ્રવચનસાર | (૧૯) | આત્મા |
| (૬) | સ્વરૂપાચરણ | (૧૩) | યોગસાર | (૨૦) | મહારાષ્ટ્ર |
| (૭) | ૯ | (૧૪) | દેલવાડા (આબુ) | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ – ૨૦૨૨ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) | સમ્મેદશિખરજી | (૧) | વીસ જિનેશ્વર |
| (૨) | પાવાપુરી | (૨) | મહાવીર ભગવાન |
| (૩) | ચંપાપુરી | (૩) | વાસુપૂજ્ય ભગવાન |
| (૪) | ગિરનારજી | (૪) | નેમિનાથ ભગવાન |
| (૫) | કૈલાસ પર્વત | (૫) | આદિનાથ ભગવાન |
| (૬) | માંગીતુંગી | (૬) | રામ, હનુમાન, સુગ્રીવ, નીલ, મહાનીલ |
| (૭) | શત્રુંજય | (૭) | તીન પાંડવ મુનિરાજ |
| (૮) | પાવાગઢ | (૮) | લવ, કુશ મુનિરાજ |
| (૯) | કુંથલગિરિ | (૯) | દેશભૂષણ, કુલભૂષણ મુનિરાજ |
| (૧૦) | સોનાગિરિ | (૧૦) | નંગ, અનંગકુમાર |
| (૧૧) | ગજપંથા | (૧૧) | સાત બલભદ્ર |
| (૧૨) | સિદ્ધવરકૂટ | (૧૨) | બે ચક્રી, દસ કામકુમાર |
| (૧૩) | દ્રોણગિરિ | (૧૩) | ગુરુદત્તાદિ મુનિશ્વર |
| (૧૪) | મથુરા | (૧૪) | જંબૂસ્વામી |
| (૧૫) | ગિરનાર શિખર | (૧૫) | શંબુ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ |
| (૧૬) | બડવાની | (૧૬) | ઈન્દ્રજિત, કુંભકર્ણ |
| (૧૭) | અષ્ટાપદ | (૧૭) | બાલી, મહાબાલી, નાગકુમાર |
| (૧૮) | રેસંદીગિરિ | (૧૮) | વરદત્ત આદિ પાંચ ઋષિરાજ |
| (૧૯) | પાવાગીરીવર | (૧૯) | સુવર્ણભદ્રાદિ ચાર મુનિ |
| (૨૦) | પોદનપુર | (૨૦) | બાહુબલીજી |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ....આ તો સનાતન સ્યાદ્‌વાદ જૈન દર્શન છે, એને જેમ છે તેમ સમજવું જોઈએ. ત્રિકાળી ધ્રુવ વસ્તુ છે તેની અપેક્ષાએ એક સમયની શુદ્ધ પર્યાયને પણ ભલે હેય કહે છે પણ બીજી બાજુ શુભરાગ આવે છે, હોય છે, એના નિમિત્તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો શુભરાગ હોય છે. ભગવાનની પ્રતિમા હોય છે, એને ન માને તોપણ મિથ્યાદષ્ટિ છે. ભલે તેનાથી ધર્મ નથી પણ તેને ઉથાપે તો મિથ્યાદષ્ટિ છે. શુભરાગ હેય છે, દુઃખરૂપ છે પણ એ ભાવ હોય છે, તેના નિમિત્તો ભગવાનની પ્રતિમા આદિ હોય છે. તેનો નિષેધ કરે તો તે જૈનદર્શનને સમજ્યો નથી તેથી મિથ્યાદષ્ટિ છે. ૫૨૧.

● પ્રશ્ન : સંસારનો થાક લાગવાનો ઉપાય શું ?

ઉત્તરઃ સંસારમાં શુભાશુભ ભાવો છે તે દુઃખરૂપ છે, એના ફળમાં ચારગતિ મળે છે. તેમાં અનેક પ્રકારના દુઃખો ને આકુળતા છે એમ એને અંદરથી લાગવું જોઈએ, શુભાશુભભાવ દુઃખરૂપ જ છે એમ લાગે તો સંસારનો થાક લાગે. ૫૨૩.

● ભગવાન સર્વજ્ઞના મુખારવિંદથી નીકળેલી વીતરાગી વાણી પરંપરા ગણધરો અને મુનિઓથી ચાલી આવી છે. એ વીતરાગી વાણીમાં કહેલાં તત્ત્વોનું સ્વરૂપ વિપરીત અભિનિવેશ રહિત જેને બેઠું છે એ ભવ્ય જીવના ભવ નાશ થઈ જાય છે. એને ભવ રહે જ નહિ. ભગવાનની વાણી ભવનો ઘાત કરનારી છે, એ જેને બેસે એ જીવની કાળલબ્ધિ પણ પાકી ગઈ છે. ૫૨૪.


● જેને ભગવાનની વાણીમાં કહેલાં તત્ત્વો બેઠાં તેને ભવિ છું કે અભવિ એવી શંકા રહે જ નહિ. તે ભવિ જ હોય અને એને એવો નિઃશંક નિર્ણય થઈ જાય છે કે 'હું ભગવાન છું, ભગવાન સ્વરૂપ છું ને અલ્પકાળમાં ભગવાન થઈ જવાનો છું'-એમ પાકો નિર્ણય આવી જાય. કેટલાક તત્ત્વોની વાતો કરે પણ અમે ભવિ છીએ કે અભવિ એની અમને ખબર ન પડે. કેવળી ભગવાન જાણે-એવી શંકામાં પડ્યા હોય! તેને ભગવાનની વાણીમાં આવેલા તત્ત્વોનું સ્વરૂપ અંદરમાં બેઠું જ નથી. ૫૨૫.

● સમ્યગ્જ્ઞાનનું આભૂષણ એવું જે પરમાત્મતત્ત્વ તેમાં દયા-દાન આદિના વિકલ્પોનો સમૂહ નથી. આવા આત્માને અંદર ઓળખવો, ઓળખીને શ્રદ્ધા કરવી તેનું નામ ધર્મ છે. સમસ્ત વિકલ્પો એટલે કે દયા-દાન આદિનો રાગ કે ગુણ-ગુણીના ભેદનો રાગ, જ્ઞાનથી શોભતા આત્મતત્ત્વમાં નથી. ૫૨૬.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૨૨
અંક-૧૨ ● વર્ષ-૧૬

Posted at Songadh PO
Publish on 1-8-2022
Posted on 1-8-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org